કેસ રજુ તા. ૧૦–૦૫–૨૪
દાખલ તા. ૧૦–૦૫–૨૪
ફેંસલ તા. ૨૫–૦૫–૨૬
અવધિ <u>વર્ષ માસ દિવસ</u>

**બોટાદ જીલ્લા અદાલતના મે. એડી. સેશન્સ જજ તથા**
**સ્પે. પોક્સો જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**તા. જી. બોટાદ.**

સ્પે. પોક્સો કેસ નં. ૧૬/૨૦૨૪
આંક–

**ફરીયાદીઃ–** શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

**આરોપીઓઃ–** ૧) કિશોરભાઈ લખમણભાઈ કણજરીયા,
ઉ.વ.આ. ૩૪, ધંધો – હિરાની મજુરી,
રહે. જાગતા હનુમાન પાછળ, સંસ્કાર સ્કુલ પાસે,
સરદાર પાર્ક, તુરખા રોડ, તા. જી. બોટાદ.

૨) જયેશભાઈ કાનજીભાઈ જાદવ, ઉ.વ.આ. ૩૫,

૩) મયુરભાઈ ચેતનભાઈ પરમાર, ઉ.વ.આ. ૧૮,
બંનેનો ધંધો – હિરાની મજુરી,
બંને રહે. ગગજીની ઝુપડી પાસે, તુરખા રોડ,
જી. બોટાદ.

૪) પાયલબેન બળદેવભાઈ ડાભી, ઉ.વ.આ. ૩૨,

૫) બળદેવભાઈ ઘનશ્યામભાઈ ડાભી, ઉ.વ.આ. ૩૫,
બંનેનો ધંધો – હિરાની મજુરી,
બંને રહે. સિધ્ધનાથ સોસાયટી,
તુરખા રોડ, જી. બોટાદ.

---

**ગુનોઃ–** ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(એ)(૧)(૧), ૩૭૬(૨)(એન), ૫૦૬(૨), ૧૧૪ તથા પોક્સો એક્ટની કલમ–૩, ૪, ૫(એલ), ૬, ૭, ૮, ૧૧(૬), ૧૨, ૧૭ મુજબનો ...

---

| | |
|---|---|
| ફરિયાદી તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી | – કે.એમ.મકવાણા. |
| આરોપી નં.૧ તરફે વિદ્વાન વકીલશ્રી | – સી.ડી.દેવમુરારી. |
| આરોપી નં.૨ તરફે વિદ્વાન વકીલશ્રી | – આર.ડી.ગીડા. |
| આરોપી નં.૩ તરફે વિદ્વાન વકીલશ્રી | – એ.વી.જીડીયા. |
| આરોપી નં.૪ અને ૫ તરફે વિદ્વાન વકીલશ્રી | – આર.બી.ખાચર. |

## –: ચુકાદો :–

૧.) ફરિયાદપક્ષના કેસની ટુંકમા હકીકત નીચે મુજબ છે.

આ કામના ફરિયાદી દિવ્યાબેન તે ડાહ્યાભાઈ ઠાકરશીભાઇ વાઘેલાની દિકરી/ભોગબનનાર (જન્મ તા.૧૧-૧૨-૨૦૦૫, ઉ.વ.આ. પુખ્ત) આરોપી નં. ૧ ના કારખાને હિરા ઘસવા જતી હતી ત્યારે શરૂઆતમાં આરોપી નં. ૧ તેણી સાથે અવારનવાર મસ્તી મજાક કરી, અડપલાં કરતા હતાં. ત્યારબાદ આરોપીએ ફરિયાદી/ભોગબનનારને તેણીના પિતાના વોટ્સએપમાં વાતચીત કરવા જણાવેલ નહીતર તેણીના નાના ભાઈને મારી નાખવાની ધમકી આપેલી. જેથી ફરિયાદી તેણીના પિતાના ફોનમાંથી વોટ્સએપ ઉપર આરોપી નં. ૧ સાથે અવારનવાર વાતચીત કરતી હતી.

ત્યારબાદ ગઈ તા.૨૩/૦૧/૨૦૨૩ ના રોજ ફરિયાદી પોતાના પરિવાર સાથે લગ્નમાં ગયેલ ત્યારે સવારે આરોપી નં. ૧ નાએ ફરિયાદીને તેના પિતાના મોબાઇલ ઉપર તેવો વોટ્સએપ મેસેજ કરી, તેણીના નાના ભાઈને મારી નાખવાની ધમકી આપી બહાર બોલાવેલી. જેથી ફરિયાદી ડરના કારણે આરોપી નં. ૧ ના કહેવા મુજબ બહાર આવતાં આરોપી નં. ૧ નાએ તેણીને આરોપી નં. ૨ ના ઘરે અંદર બેડરૂમમાં લઇ જઇ, ફરિયાદી અને તેણીના ભાઇને મારી નાખવાની ધમકી આપી, આરોપી નં. ૧ નાએ તેણી સાથે બળજબરીપુર્વક શરીર સંબંધ બાંધેલો અને તેનો વીડીયો પણ ઉતારેલો. તેમજ આ વાત કોઇને કહેશે તો તેણીના ભાઈને મારી નાખશે અને તેણીનો વીડીયો વાયરલ કરી દેશે તેવી ધમકી પણ આપેલી.

ત્યારબાદ ગઈ તા.૧૬/૦૪/૨૦૨૩ ના રોજ બપોરના ૦૨.૩૦ વાગ્યાના સુમારે ફરિયાદી પોતાના ઘરે હાજર હતી ત્યારે તેમના કારખાનામાં તેણીની સાથે હિરાકામ કરતા અને આગળની શેરીમાં રહેતાં મેનેજર આરોપી નં. ૫ ના પત્ની આરોપી નં. ૪ નાએ ફરિયાદીના પિતાને

ફોન કરી ફરિયાદીને પોતાના ઘરે મોકલવા માટે જણાવેલું. જેથી ફરિયાદી આરોપી નં. ૪ ના ઘરે ગયેલાં જ્યાં આરોપી નં. ૧, ૪ અને ૫ નાઓ હાજર હતાં. જ્યાં આરોપી નં. ૧ નાઓ ફરીથી ફરિયાદીને ઉપરના માળે બેડરૂમમાં લઇ જઇ, તેણી અને તેણીના ભાઇને મારી નાખવાની ધમકી તથા અગાઉ ઉતારેલ વીડીયોને વાયરલ કરી દેવાની ધમકી આપી, આરોપી નં. ૧ નાએ ફરિયાદી સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધેલો અને ફરીથી વીડીયો ઉતારેલો. આ સમયે આરોપી નં. ૪ અને ૫ નાઓ કોઇ આવી ન જાય તેનું ધ્યાન રાખતા હતાં.

ત્યારબાદ આરોપી નં. ૪ અને ૫ નાઓ બંને ગામમાં ખરીદી કરવા સાથે લઇ જવાનું કહી ફરિયાદીને ૭-૮ વખત બોટાદ-પાળીયાદ રોડ ઉપર આવેલ ડાભી ગેસ્ટ હાઉસમાં લાવેલ. જ્યાં આરોપી નં. ૧ નાઓ હાજર હોય તેણી અને તેણીના ભાઈને મારી નાખવાની ધમકી આપી, તથા અગાઉ ઉતારેલ વીડીયોને વાયરલ કરી દેવાની ધમકી આપી, આરોપી નં. ૧ નાએ બળજબરીથી તેણી સાથે શરીર સંબંધ બાંધેલો અને તે સમયે પણ વીડીયો ઉતારેલો હતો.

ત્યારબાદ બનાવના અઠવાડીયા અગાઉ બપોરના આશરે ૦૪.૩૦ વાગ્યાના સુમારે આરોપી નં. ૧ નાએ તેમના સંબંધી આરોપી નં. ૩ ના ઘરે ફરિયાદીને લઇ જઈ, ત્યાં પણ આરોપી નં. ૧ નાએ ફરિયાદીને ધમકી આપી તેણી સાથે શરીર સંબંધ બાંધેલો. તેમજ ગઇ તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ સાંજના આશરે ૦૪.૦૦ વાગ્યાના સુમારે આરોપી નં. ૧ તેણીના ઘરે આવેલ ત્યારે ફરિયાદીના કાકા ત્રિભુવનભાઇ તેઓ બંનેને જોઇ ગયેલ. જેથી તેઓએ ફરિયાદીના પિતાને બનાવ બાબતે જાણ કરેલી. આમ, તમામ આરોપી નં. ૨ થી ૪ નાઓએ એકસંપ થઇ મુખ્ય આરોપી નં. ૧ ને યેનકેન પ્રકારે ગુનામાં મદદગારી કરી, તથા આરોપી નં. ૧ નાએ ફરિયાદી/ભોગબનનાર સાથે અડપલાં કરી, તેણી તથા તેણીના ભાઇને જાનથી મારી નાખવાની ધમકી આપી, તેણીની મરજી વિરૂધ્ધ તેણી સાથે બળજબરીપુર્વક શરીર સંબંધ બાંધી, તેવો તેણીનો વીડીયો ઉતારી તેને વાયરલ કરી દેવાની ધમકી આપી, તમામ આરોપીઓએ ગુન્હો આચરેલ.

સદરહુ ગુના અંગેની ફરિયાદ હકીકત ફરિયાદીએ જાહેર કરતાં પોલીસ સ્ટેશનનાં જવાબદાર અધિકારીએ ફરિયાદીની ફરિયાદ નોંધી લઈ ક્રિ.પ્રો.કો.કલમ – ૧૫૭ મુજબનો રિપોર્ટ જાહેર કરી ગુ.રજી.નં. ફર્સ્ટ– ૧૧૧૯૦૦૦૨૨૪૦૩૦૮/૨૦૨૪ થી ગુન્હો દાખલ કરાવી ગુન્હાની તપાસ હાથ ધરેલ.

**૨.)** આરોપીઓ વિરૂદ્ધ ઉપર મુજબનો ગુન્હો દાખલ થતાં તપાસ કરનાર અમલદારે પૂરતી તપાસ કરી, આરોપીઓની અટક કરી જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ.

**૩.)** તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા–વળગતાં સાહેદોનાં નિવેદનો નોંધેલા તેમજ ક્રિ.પ્રો.કો. કલમ – ૧૬૪ મુજબ ભોગબનનારનું નિવેદન નોંધવા માટે કાર્યવાહી કરેલી, અને ત્યારબાદ આરોપીઓ વિરૂદ્ધ પૂરતા પુરાવા જણાય આવતાં આરોપીઓ વિરૂદ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરેલું.

**૪.)** ઉપર મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ થતાં તેને સ્પેશ્યલ (પોક્સો) કેસ નં. ૧૬/૨૦૨૪ આપવામાં આવેલ. ત્યારબાદ સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ થતાં શ્રી સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિદ્વાન વકીલ શ્રીઓ હાજર થયેલા.

**૫.)** શ્રી સરકારપક્ષે આરોપીઓ વિરૂદ્ધનો કેસ પુરવાર કરવા માટે આંક – ૧૫ નાં લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા. ત્યારબાદ આરોપીઓ વિરૂદ્ધ આંક – ૧૬ થી તહોમતનામુ ફરમાવી, સદરહુ તહોમતનામાં લગત આંક – ૧૭ થી આંક – ૨૧ સુધી આરોપીઓનો જવાબ નોંધતાં આરોપીઓએ ચાર્જશીટ સાથેનાં તમામ પેપર્સની નકલ મળેલ હોવાનું જણાવેલ છે, તેમજ ગુન્હો કબૂલ નથી તેમ જણાવી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલો છે.

**૬.)** આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવ્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૧ અન્વયે ગુનો પુરવાર કરવા સારૂ નીચે મુજબનો મૌખિક તથા

દસ્તાવેજી પુરાવો નોંધાવેલો છે.

## –: મૌખિક પુરાવો :–

| સાહેદ નંબર | આંક | સાહેદનુ નામ | સાહેદની કામગીરી |
|---|---|---|---|
| ૧. | ૨૪ | ફરિયાદી/ભોગબનનાર | ભોગબનનાર |
| ૨. | ૨૭ | ભોગબનનારના પિતા | સાહેદ |
| ૩. | ૨૮ | ભોગબનનારના કાકા | સાહેદ |
| ૪. | ૩૧ | ભોગબનનારના માતા | સાહેદ |
| ૫. | ૩૩ | ભોગબનનારના પિતરાઈ | સાહેદ |
| ૬. | ૩૫ | ભોગબનનારના ભાભી | સાહેદ |
| ૭. | ૩૭ | ડૉ. શિવાની હેમંતભાઈ વાજા | મેડિકલ ઓફિસર |
| ૮. | ૪૪ | ડૉ. નિલેશભાઈ જગદીશભાઈ પરમાર | મેડિકલ ઓફિસર |
| ૯. | ૫૦ | અરવિંદભાઈ ચંપકભાઈ જમોડ | સરકારી સાહેદ |
| ૧૦. | ૫૬ | બંસી સની | રેડીયોલોજીસ્ટ |
| ૧૧. | ૬૦ | જગદીશભાઈ ભનુભાઈ બાગોદરીયા | પંચસાહેદ |
| ૧૨. | ૬૬ | બળદેવભાઈ રાઘવભાઈ મેણીયા | પંચસાહેદ |
| ૧૩. | ૬૮ | ગોરધનભાઈ ધરમશીભાઈ મકવાણા | પંચસાહેદ |
| ૧૪. | ૭૩ | વનરાજભાઈ જેઠાભાઈ કણઝરીયા | પંચસાહેદ |
| ૧૫. | ૭૫ | પ્રકાશભાઈ ડાયાભાઈ સરવૈયા | પંચસાહેદ |
| ૧૬. | ૮૧ | રહીમભાઈ ઉમરભાઈ સંધી | પંચસાહેદ |
| ૧૭. | ૮૩ | દિનેશભાઈ ગોવિંદભાઈ મકવાણા | પંચસાહેદ |
| ૧૮. | ૮૫ | ઓધવજીભાઈ અમરશીભાઈ કણઝરીયા | પંચસાહેદ |
| ૧૯. | ૮૮ | લવજીભાઈ રત્નાભાઈ મકવાણા | પંચસાહેદ |
| ૨૦. | ૯૨ | વનરાજભાઈ રાઘવભાઈ મેણીયા | પંચસાહેદ |
| ૨૧. | ૯૬ | પરેશભાઈ ઓધવજીભાઈ કણઝરીયા | પંચસાહેદ |
| ૨૨. | ૯૮ | ભાવેશભાઈ દલસુખભાઈ ડાભી | સાહેદ |
| ૨૩. | ૧૦૩ | શૌરીન રમેશભાઈ ખરાડી | ત.ક.અધિકારી |

## –: દસ્તાવેજી પુરાવો :–

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૫ | ફરિયાદ |

| | | |
|---|---|---|
| ૨. | ૨૬ | ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ – ૧૬૪ મુજબનું નિવેદન |
| ૩. | ૩૮ | આરોપી નં.૧ ની મેડિકલ તપાસણી કરવા કરેલ યાદી |
| ૪. | ૩૯ | આરોપી નં. ૧ ના મેડિકલ નમુનાઓ એફ.એસ.એલ. તપાસણીમાં મોકલવા અંગે પોલીસને કરેલ ફોર્વર્ડીંગ લેટર |
| ૫. | ૪૦ | આરોપી નં. ૧ નુ મેડિકલ સર્ટીફિકેટ |
| ૬. | ૪૫ | ભોગબનનારના મેડિકલ સેમ્પલો લેવા મેડિકલ ઓફિસરને કરેલ યાદી |
| ૭. | ૪૬ | ભોગબનનારના મેડિકલ સેમ્પલો ફોરેન્સિક તપાસણી માટે પોલીસને મોકલેલા તે યાદી |
| ૮. | ૪૭ | ભોગબનનારનું મેડિકલ સર્ટીફિકેટ |
| ૯. | ૪૮ | સર ટી. હોસ્પિટલને કરેલ રીફર સ્લીપ |
| ૧૦. | ૫૧ | બોટાદ નગરપાલિકા કચેરીના જન્મ નોંધણી રજીસ્ટરની ખરીનકલ |
| ૧૧. | ૫૨ | ભોગબનનારના જન્મના દાખલાની ખરાઈ કરવા બોટાદ નગરપાલિકાને કરેલ યાદી |
| ૧૨. | ૫૩ | ભોગબનનારનું જન્મનુ પ્રમાણપત્ર |
| ૧૩. | ૫૭ | ભોગબનનારની સોનોગ્રાફી કરવા સર ટી. હોસ્પિટલ ભાવનગરને કરેલ યાદી |
| ૧૪. | ૫૮ | ભોગબનારનું સર ટી. હોસ્પિટલ ભાવનગરનું મેડિકલ સર્ટીફિકેટ |
| ૧૫. | ૬૧ | ભોગબનનારના કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| ૧૬. | ૬૨ થી ૬૫ | ભોગબનનારના કપડા કબજે કર્યા અંગેની પંચસ્લીપો |
| ૧૭. | ૬૯ | આરોપી નં. ૧ ના કપડા તથા બાઈક કબજે કર્યા અંગેનું પંચનામુ |
| ૧૮. | ૭૦,૭૧, ૭૨ | આરોપી નં. ૧ ના કપડા તથા બાઈક કબજે કર્યા અંગેની પંચસ્લીપો |
| ૧૯. | ૭૬ | મુદ્દામાલ મોબાઈલ તથા પેનડ્રાઈવ કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| ૨૦. | ૭૭ થી ૮૦ | મુદ્દામાલ મોબાઈલ તથા પેનડ્રાઈવ કબજે કર્યા અંગેની પંચસ્લીપો |
| ૨૧. | ૮૪ | આરોપી નં. ૧ તથા ભોગબનનારના મેડિકલ સેમ્પલો કબજે કર્યા અંગેનુ પંચનામુ |

| | | |
|---|---|---|
| ૨૨. | ૮૯ | બનાવવાળી જગ્યાએથી સતરંગી કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| ૨૩. | ૯૦ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૨૪. | ૯૩ | ભોગબનનારના ફોટોગ્રાફ્સ કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| ૨૫. | ૯૪,૯૫ | ફોટોગ્રાફ્સ કબજે કર્યા અંગેની પંચસ્લીપો |
| ૨૬. | ૧૦૪ | ગુન્હો રજીસ્ટર કરવા કરેલ યાદી |
| ૨૭. | ૧૦૫ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવા સરકારી પંચો ફાળવવા નગરપાલિકા બોટાદને કરેલ યાદી |
| ૨૮. | ૧૦૬ | એફ.આઈ.આર. મા કલમ ઉમેરો કરવા નામદાર કોર્ટને કરેલ યાદી |
| ૨૯. | ૧૦૭ | ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ – ૧૬૪ મુજબનુ નિવેદન લેવા નામદાર કોર્ટને કરેલ યાદી |
| ૩૦. | ૧૦૮ | કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ. ખાતે મોકલ્યા અંગેની રવાનગી નોંધ તથા રવાનગી યાદી |
| ૩૧. | ૧૦૯ | મુદ્દામાલ એફ.એસ.એલ. ખાતે મળ્યા અંગેની પહોચ |
| ૩૨. | ૧૧૦ | આરોપી પાયલબેનની અટક અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ યાદી |
| ૩૩. | ૧૧૧ | આરોપી બળદેવભાઈને અટક કરી તેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ યાદી |
| ૩૪. | ૧૧૨ | મુદ્દામાલ મોબાઈલ, પેન્ડ્રાઈવ તથા ફોટોગ્રાફ્સની સરખામણી કરવા ડી.એફ.એસ. ગાંધીનગર ખાતે કરેલ રવાનગી નોંધ |
| ૩૫. | ૧૧૩ | મુદ્દામાલ ડી.એફ.એચ. ગાંધીનગર ખાતે મળ્યા અંગેની પહોચ |
| ૩૬. | ૧૧૪ | એફ.એસ.એલ. કચેરી જુનાગઢ તથા ગાંધીનગર ખાતેથી મુદ્દામાલ સંબંધી આવેલ અભિપ્રાય |
| ૩૭. | ૧૧૫ | ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૬૫ (બી) નુ પ્રમાણપત્ર |
| ૩૮. | ૧૧૬ | આરોપી કિશોરભાઈની અટક કરી તે અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ યાદી |
| ૩૯. | ૧૧૭ | આરોપી નં. ૧ એ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલો તે અંગેની પેનડ્રાઈવ |

૭.) ઉપરોક્ત વિગતે ફરિયાદપક્ષ તરફથી મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા બાદ ફરિયાદપક્ષ તરફે પુરાવો પુરો થયા અંગે આંક–૧૧૮ ની ક્લોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેતાં તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ ન હોય તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે. તેમજ બચાવના કોઇ સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવાનો સ્પષ્ટ ઇન્કાર કરેલ છે. તેમજ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદ્દન નિર્દોષ છે. કહેવાતો ગુન્હો તેઓએ કરેલ નથી. તેઓને સદર ગુન્હામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. તેઓ વિરૂદ્ધ ખોટી ફરિયાદ કરીને પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે. જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૮.) ત્યારબાદ ફરિયાદપક્ષે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૪ હેઠળ વિ.એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણા અને બચાવપક્ષે આરોપીઓ તરફે વિદ્વાન ધારાશાસ્ત્રીશ્રીઓની દલીલો સાંભળી, જે ધ્યાને લીધી.

૮.૧) ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણાએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના ભોગબનનાર સાથે આરોપી નં. ૧ નાઓને તેણીની મરજી વિરૂદ્ધ અવારનવાર ધમકી આપી બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધેલ અને તેણીનો અસ્લીલ વિડીયો ઉતારી તેને વાયરલ કરવાની ધમકી આપી અન્ય આરોપીઓ સાથે મળી ગુનો કરવામાં આવેલ છે. તે સંબંધે ભોગબનનારે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવની હકીકતોને સમર્થન આપેલ છે. વિશેષમાં, સી.આર.પી.સી. કલમ – ૧૬૪ હેઠળના નિવેદનમાં જે હકીકતો જણાવેલ છે તે સંબંધે પણ ભોગબનનારે તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં સમર્થન આપેલ છે. વિદ્વાન એ.પી.પી.શ્રીના જણાવ્યા અનુસાર આ કામે ફરિયાપક્ષ તરફે ભોગબનનારના માતા–પિતા તથા અન્ય સગા સંબંધીને સોંગદ પર તપાસવામાં આવેલા છે. પરંતુ તેઓ દ્વારા બનાવની હકીકતોને સમર્થન આપવામાં આવેલ નથી તેમજ પંચસાહેદો દ્વારા પણ પંચનામાની હકીકતોને અમુકઅંશે સમર્થન આપવામાં આવેલ નથી. જ્યારે ભોગબનનાર દ્વારા પંચસાહેદની રૂબરૂમાં જે જે સ્થળ ઉપર

આરોપી નં. ૧ વાળાએ તેણી સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધેલો તે જગ્યા અંગેના પંચનામા અંગે સોગંદ ઉપર સમર્થન આપવામાં આવેલ છે. ભોગબનનારે પંચસાહેદોની હાજરીમાં બનાવવાળી જગ્યા બતાવેલ છે. તે સંજોગોમાં ભોગબનનારની સોગંદ પરની જુબાની તથા મેડિકલ ઓફિસર તેમજ તપાસ કરનાર અધિકારીની જુબાની જોતા ફરિયાદપક્ષ દ્વારા આરોપીઓ વિરૂદ્ધનો કેસ શંકારહિત પુરવાર કરવામાં આવેલ છે. તે સંજોગોમાં આરોપીઓને કાયદા અનુસાર મહત્તમ સજા તથા દંડ કરવા વિનંતી કરેલ છે.

૮.૨) જ્યારે બચાવપક્ષે આરોપી નં. ૧ તરફે વિ.વ.શ્રી સી.ડી.દેવમુરારી દ્વારા ભોગબનનાર તેમજ અન્ય સાહેદોની જુબાની સંબંધે આ કોર્ટનું ધ્યાન દોરતા દલીલ કરવામાં આવેલ છે કે, તમામ સાહેદો દ્વારા બનાવની હકીકતો અંગે વિરોધાભાસી નિવેદનો આપવામાં આવેલા છે. તે સંજોગોમાં આરોપી નં. ૧ વિરૂદ્ધ ફરિયાદપક્ષ કેસ પુરવાર કરી શકેલ નથી જેથી આરોપી નં.૧ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

૮.૩) જ્યારે આરોપી નં. ૨ તરફે વિ.વ.શ્રી આર.ડી.ગીડા તેમજ આરોપી નં. ૩ તરફે વિ.વ.શ્રી એચ.વી.જીડીયા તેમજ આરોપી નં. ૪ અને ૫ તરફે વિ.વ.શ્રી આર.બી.ખાચરને સાંભળ્યા. તેઓના જણાવ્યા અનુસાર સદરહુ બનાવ એક વર્ષ જુનો છે અને ભોગબનનારે ફરિયાદ ઘણી મોડી દાખલ કરેલ છે, તે સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધનો કેસ શંકારહિત પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે. વિશેષમાં, ભોગબનનાર દ્વારા પણ આરોપીઓ સંબંધે કોઈ વિશેષ હકીકતો જણાવવામાં આવેલ નથી. તે હકીકત પણ ધ્યાને લેતા આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

– વધુમાં, આરોપી તરફે વિ.વ.શ્રી સી.ડી. દેવમુરારી દ્વારા તેઓની દલીલના સમર્થનમાં ***સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ પારસભાઈ કનુભાઈ ચારોલા*** નો ચુકાદો રજુ કરવામાં આવેલ છે. જે અનુસાર નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ છે કે, ફરિયાદપક્ષ દ્વારા આરોપીઓ વિરૂદ્ધનો કેસ શંકારહિત પુરવાર કરવામાં આવેલ ન હતો તેમજ ભોગબનનારની જુબાની પણ વિશ્વસનીય ન હતી તેમજ ભોગબનનારના ફેમીલી મેમ્બર્સ દ્વારા પણ કોઈ સમર્થનકારી પુરાવો આપવામાં આવેલ ન હતો તેમજ મેડિકલ રીપોર્ટ

જોતા પણ ભોગબનનાર સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધવામાં આવ્યો હોય તેવી કોઈ હકીકતો ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ ન હોય, આરોપીને ટ્રાયલ કોર્ટ દ્વારા નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ તે ચુકાદો મંજુર રાખવામાં આવેલો.

૯.) સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

**૧.)** શું ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે કે, આ કામના આરોપી નં.૧ કિશોરભાઇ લક્ષ્મણભાઇ કણજરીયાનાઓએ ફરિયાદીશ્રી સગીરવયની હોવાનું જાણવા છતા ફરી સાથે શરીરે અડપલા કરી, ફરિયાદીના નાનાભાઇને જાનથી મારી નાખવાની ધમકી આપી, ફરિયાદીની મરજી વિરૂધ્ધ આરોપી નં. ૨ તથા ૩ ના ઘરે લઇ શરીર સબંધ બાંધી, મોબાઇલમાં વિડીયો ઉતારી આ વાત કોઇને કહીશ નહી તેમ કહી, જાનથી મારી નાખવાની તથા વિડીયો વાયરલ કરવાની ધમકી આપી તેમજ આરોપી નં. ૪ તથા ૫ નાઓએ ભોગબનનારના પિતાને ફોન કરી ખોટુ બોલી ફરિયાદીને તેઓના ઘરે તેમજ અવાર નવાર ડાભી ગેસ્ટ હાઉસમાં લઈ જઈ, જ્યાં આરોપી નં. ૧ નાએ ફરિયાદીની મરજી વિરૂદ્ધ શરીર સંબંધી બાંધી, આરોપીએ પોતાના મોબાઇલમા વિડીયો ઉતારી આ વાત કોઇને કહીશ વિડીયો વાયરલ કરવાની ફરિયાદીને ધમકી આપી, તથા આરોપી નં.૨ થી ૫ નાઓએ સદર ગુન્હો કરવામાં મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪(એ)(૧)(૧), ૩૭૬(૨)(એન), ૫૦૬(૨), ૧૧૪ તથા પોક્સો એક્ટની કલમ-૩, ૪, ૫(એલ), ૬, ૭, ૮, ૧૧(૬), ૧૨, ૧૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

**૨.)** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દાઓના મારા **નિર્ણયો** નીચે મુજબ છે.

૧.) **હકારમાં**

૨.) આખરી હુકમ મુજબ.

ઉપરોક્ત નિર્ણયો અંગેના મારા **કારણો** નીચે મુજબ છે.

**-: કારણો :-**

**<u>મુદ્દા નં. ૧</u>**

**૧૦.)** હાલના કામે તપાસ એજન્સી ધ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટ ધ્યાને લેતા હાલના કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪(એ)(૧)(૧), ૩૭૬(૨)(એન), ૫૦૬(૨), ૧૧૪ તથા પોક્સો એક્ટની કલમ-૩, ૪, ૫(એલ), ૬, ૭, ૮, ૧૧(૬), ૧૨, ૧૭ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે. જેથી હાલના કામે **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦** ની નીચે મુજબની જોગવાઇઓ ધ્યાને લેવી જરૂરી જણાઇ આવે છે.

**<u>કલમ-૩૫૪(એ) જાતિય સતામણી અને જાતિય સમામણીની શિક્ષા-</u>**

(૧) પુરૂષ નીચેના કોઇપણ કૃત્ય કરશે.-

(i) **શારીરિક સ્પર્શ** અને અનિચ્છિત સ્પષ્ટ જાતિય માંગણી તરફ આગળ વધવામાં સંડોવણી અથવા,

(ii) … … …

(iii) … … …

(iv) … … …

તો જાતિય સતામણીના ગુના માટે દોષિત ગણાશે.

(૨) … … …

(૩) … … …

ઉપરોક્ત ગુનો સાબિત કરવા માટે ફરિયાદપક્ષે નીચે મુજબના **આવશ્યક તત્વો** પુરવાર કરવા જોઇશે.

૧. આરોપી પુરૂષ હોવો જોઇએ.

૨. શારીરિક સ્પર્શ કરે

**<u>કલમ-૩૭૬ બળાત્કાર માટે સજાઃ-</u>**

(૧) … … …

(૨) જે કોઇ,

(એ) થી (એમ) … … …

**(એન) તે જ સ્ત્રી ઉપર વારંવાર બળાત્કાર કર્યો હોય.**

તેને ૧૦ વર્ષથી ઓછી ન હોય પરંતુ આજીવન કેદ જેનો અર્થ

તે વ્યક્તિના કુદરતી જીવન બાકી સુધીની કેદ અંગેની સખત કેદની શિક્ષા અને દંડ થશે.

(૩) ... ... ...

જોગવાઇ કરવામાં આવે છે કે, આવો દંડ ભોગબનનારની તબીબી સહાય એ પુનરૂથ્થાન મેળવવા માટે ન્યાયી અને વાજબી હશે.

વધુમાં, જોગવાઇ કરવામાં આવે છે કે, આ પેટા કલમ હેઠળ જે કોઇ પણ દંડ કરવામાં આવ્યો હશે તે રકમ ભોગબનનારને ચુકવવામાં આવશે.

**<u>કલમ –૫૦૬ ગુનાહિત ધમકીની સજાઃ–</u>**

કોઇપણ વ્યક્તિ, ગુનાહિત ધમકી આપે તેને ૦૨ વર્ષ સુધીની બે માંથી કોઇપણ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

જો તે ધમકી મૃત્યુ નીપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય તો – અને જો તે ધમકી મૃત્યુ નીપજાવવાની અને મહાવ્યથા કરવાની અથવા આગથી કોઇ મિલકતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા ૦૭ વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુનો કરવાની હોય અથવા સ્ત્રી ઉપર ચારિત્રય હિનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને ૦૭ વર્ષ સુધીની બેમાંથી કોઇ પણ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

ઉપરોક્ત ગુનો સાબિત કરવા માટે ફરિયાદપક્ષે નીચે મુજબના **આવશ્યક તત્વો** પુરવાર કરવા જોઇશે.

૧.) આરોપીએ ફરિયાદીને તેના શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યક્તિમાં હિત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાની ધમકી આપી,

૨.) આવી ધમકી ફરિયાદીને ભયભીત કરવાના ઇરાદાથી અથવા પોતે જે કરવા કાનુનબંધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનુની અધિકાર હોય તેવું કૃત્ય ન કરે, તેવા ઇરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ

નીપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા ૦૭ વર્ષ સુધીની કેદને સજાને પાત્ર ગુનો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્રય હિનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.

૧૦.૧) હાલ **જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨** ની નીચે મુજબની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાઈ આવે છે.

**<u>કલમ-૩ પ્રવેશ જાતિય હુમલોઃ-</u>**

કોઈપણ વ્યક્તિએ નીચેના સંજોગોમાં "પ્રવેશ જાતિય હુમલો" કર્યો છે તેવું કહેવામાં આવશે -

એ - પોતાનું લીંગ કોઈપણ સીમા સુધી કોઈ બાળકના યોનીમાર્ગ, મોઢામાં, મુત્રમાર્ગમાં અથવા ગુદામાં પ્રવેશ કરાવે અથવા બાળક દ્વારા પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યક્તિ સાથે આવું કોઈ કૃત્ય કરાવે; અથવા

બી - કોઈ વસ્તુ અથવા શરીરના કોઈપણ ભાગને કે જે લીંગ નથી તેને કોઈપણ સીમા સુધી બાળકની યોની, મુત્રમાર્ગ અથવા ગુદામાં દાખલ કરે અથવા બાળક દ્વારા પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યક્તિ સાથે આવું કોઈ કૃત્ય કરાવે; અથવા

સી - કોઈ બાળકના શરીરના કોઈપણ અંગ સાથે હસ્તક્રિયા કરે કે જેનાથી તે બાળકની યોની, મુત્રમાર્ગ અથવા ગુદા અથવા શરીરના કોઈપણ ભાગમાં પ્રવેશ કરી શકે અથવા બાળક દ્વારા પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યક્તિ સાથે આવું કોઈ કૃત્ય કરાવે; અથવા

ડી - બાળકના લીંગ, યોની, ગુદા અથવા મુત્રમાર્ગ ઉપર પોતાનું મોઢું લગાવે અથવા બાળકને એવી વ્યક્તિ સાથે કે અન્ય કોઈ વ્યક્તિ સાથે આવું કરાવે.

**<u>કલમ-૪ પ્રવેશ જાતિય હુમલા માટેની શિક્ષાઃ-</u>**

જો કોઈ વ્યક્તિ પ્રવેશ જાતિય હુમલો કરે, તેને બેમાંથી

કોઇપણ પ્રકારની ૦૭ વર્ષથી ઓછી ન હોય તેવી પરંતુ આજીવન કેદ સુધી લંબાવી શકાય તેવી કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પાત્ર પણ થશે.

**<u>કલમ – ૫ ગંભીર પ્રવેશ જાતિય હુમલોઃ–</u>**

(એ) થી (કે) ... ... ...

(એલ) જે કોઇ, કોઇ બાળક ઉપર એક થી વધુ વખત અથવા વારંવાર પ્રવેશ જાતિય હુમલો કરે; અથવા

(એમ) થી (યુ) ... ... ...

**<u>કલમ–૬ ગંભીર પ્રવેશ જાતિય હુમલા માટેની સજાઃ–</u>**

જે કોઇ ગંભીર પ્રવેશ જાતિય હુમલો કરશે તેને ૧૦ વર્ષથી ઓછી નહી તેવી પરંતુ આજીવન કેદ સુધી લંબાવી શકાય તેવી સખત કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**<u>કલમ–૭ જાતિય હુમલોઃ–</u>**

જે કોઇ જાતિય ઇરાદાથી બાળકની યોનિ, લીંગ, ગુદા, અથવા સ્તનોનો સ્પર્શ કરે અથવા બાળકને આવી વ્યક્તિ અથવા અન્ય કોઇ વ્યક્તિની યોનિ, લીંગ, ગુદા અથવા સ્તનનો સ્પર્શ કરાવે અથવા જાતિય ઇરાદાથી આવું કોઇ અન્ય કૃત્ય કરે કે જેમાં પ્રવેશ કર્યા સિવાય શારીરિક સંપર્કથી અડપલા કરે તો તેને જાતિય હુમલો કર્યો છે તેમ કહેવામાં આવશે.

**<u>કલમ–૮ જાતિય ગુનાઓ માટેની સજાઃ–</u>**

જે કોઇ જાતિય હુમલો કરશે તેને બેમાંથી કોઇ એક પ્રકારની ૦૩ વર્ષથી ઓછી ન હોય તેવી પરંતુ ૦૫ વર્ષ સુધીની સજા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**<u>કલમ–૧૧ જાતિય સતામણીઃ–</u>**

કોઇપણ વ્યક્તિ, કોઇ બાળક ઉપર જાતિય સતામણી કરે છે તેવું કહેવામાં આવશે જ્યારે તેવી વ્યક્તિ જાતિય ઇરાદાથી–

(૧) ... ... ...

(૨) ... ... ...

(૩) ... ... ...

(૪) ... ... ...

(૫) ... ... ...

(૬) અશ્લીલ કામુક પ્રયોજનો માટે કોઈ બાળકને કોઈ પ્રલોભન આપે, અથવા તે માટે ઉપહારો આપે.

સ્પષ્ટીકરણઃ– કોઈપણ પ્રશ્ન કે જેમાં "જાતિય ઈરાદો" સંકળાયેલ હોય તે હકીકત અંગેનો પ્રશ્ન રહેશે.

**કલમ–૧૨ જાતિય સતામણી માટેની સજાઃ–**

જે કોઈ બાળક ઉપર જાતીય સતામણી કરશે, તેને ૦૩ વર્ષ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**કલમ–૧૭ દુષ્પ્રેરણ માટે સજાઃ–**

જે કોઈ વ્યક્તિ આ અધિનિયમ અન્વયેના કોઈ ગુનાનું દુષ્પ્રેરણ કરે, જો આવું દુષ્પ્રેરિત કાર્ય આવા કરવામાં આવેલા દુષ્પ્રેરણના પરિણામ સ્વરૂપે કરવામાં આવે, તો તેને તેવા ગુના માટે ઠરાવવામાં આવેલ શિક્ષાની જોગવાઈ મુજબની શિક્ષા કરવામાં આવશે.

આમ, સદરહુ કલમો ધ્યાને લેતાં ફરિયાદપક્ષે ઉપરોક્ત કલમો મુજબનો ગુનો દાખલ કરવા તેમના તત્વો સંતોષવા જોઈએ તો જ આરોપીઓને ઉપરોક્ત કલમો હેઠળ તકસીરવાન ઠરાવી શકાય.

**૧૧.)** ઉપરોક્ત બાબતો ધ્યાને રાખી હવે ફરિયાદપક્ષ તર્ફે રજુ પુરાવાઓની ચર્ચા કરવામાં આવે તો સદરહુ કામે ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધનો કેસ સાબિત કરવા માટે સૌપ્રથમ **ફરિયાદી/ભોગબનનારને આંક – ૨૪ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેણી અને તેમના પપ્પા અને તેમના મમ્મી હીરા ઘસવાનુ કામ કરતા હતા અને હીરા કામ કરવા માટે કિશોરભાઈને ત્યા જતા હતા. તેણી અને તેમના પપ્પા કિશોરભાઈના કારખાને કામકાજ કરવા જતા હતા ત્યારે કિશોરભાઈ મજાક મસ્તી કરતા હતા. બનાવની ફરિયાદ તેમના વડીલો તેમના

પપ્પા અને કાકાએ આપેલી છે. તેમના પપ્પાનો મોબાઈલ નં ૯૭....... છે. કિશોરભાઈનો મોબાઈલ નંબર યાદ નથી. તેણીના પપ્પાના મોબાઈલમાંથી કિશોરભાઈના મોબાઈલમાં કોઈ વાતચીત કરેલ નથી. તેણીના પિતાનો મોબાઈલ તેણી પાસે સાંજના સમયે રહેતો હતો અને આરોપી તેણીને મેસેજ કરતા હતા પરંતુ શુ મેસેજ કરતા તે તેણીને ખબર નથી. પ્રથમ બનાવ ક્યારે બનેલ છે તેની તેણીને તારીખ કે વર્ષ યાદ નથી. તેણીના માતા પિતા લગ્ન પ્રસંગમાં બહાર ગયેલા અને તેણી સાથે ગયેલી હતી અને મોબાઈલ તેણીના પિતા પાસે હતો અને તેણી લગ્નમાં ગયેલ ત્યારે કિશોરભાઈ સાથે કોઈ વાતચીત થયેલ હોય તે યાદ નથી. બનાવ શુ બનેલો તેની તેણીને ખબર નથી. બનાવ કોના ઘરે બનેલો અને કોણે શું કરેલ તે તેણીને યાદ નથી. કેટલા બનાવ બન્યા તે પણ તેણીને યાદ નથી. બનાવ બાબતે તેણીએ પોલીસમાં ફરિયાદ આપેલી. કિશોરભાઇએ તેણી સાથે શારીરિક સબંધ બાંધેલ જેથી તેણીએ ફરિયાદ આપેલી. જેમાં એક વાર જયેશભાઇના ઘરે શારીરિક સબંધ બાંધેલો જેની તારીખ તેણીને યાદ નથી અને બીજી વાર પાયલબેનના ઘરે શારીરિક સબંધ બાંધેલો. ત્યારબાદ છેલ્લો મયુરભાઇના ઘરે તેણી સાથે કિશોરભાઇએ શારીરિક સબંધ બાંધેલો. તેણીએ કિશોરભાઇને આવો સબંધ બાંધવા ના જ પાડેલી પરંતુ તેઓ તેણીને ધમકાવવા લાગેલા અને તેણીના નાના ભાઇને મારી નાખવાની ધમકી આપતા તેમજ તેઓ પોતે મરી જશે તેવી વાત કરતા હતા. આ બધાય ઘરે કિશોરભાઇ તેણીને લઈ જતા હતા અને આ કિશોરભાઇ તેણીને ડાભી ગેસ્ટ હાઉસમાં પણ લઇ ગયેલ અને ત્યા પણ તેણે તેણી સાથે શારીરિક સબંધ બાંધેલો હતો. આ બાબતે તેણીએ તેમના મમ્મી પપ્પાને વાતચિત કરેલી, આ સિવાય બીજુ કાંઇ કહેલ નહી. બનાવ બાબતે તેણીએ પોલીસમાં ફરિયાદ આપેલી. સદરહુ ફરિયાદ તેણીને બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવી, આંક – ૨૫ થી રજુ રાખેલ છે.

બનાવ સમયે તેણીની ઉમર શું હતી તે તેણીને યાદ નથી, પરંતુ ૧૮,૧૯ વર્ષ હશે. તેણીએ ફરિયાદ આપ્યા પછી પોલીસ તેણીને બોટાદ દવાખાને અને પછી ભાવનગર દવાખાને શારીરિક ચકાસણી કરવા લઈ ગયેલ ત્યા તેણીને ડોક્ટર મળેલા તેમણે પુછપરછ કરેલી નહી અને તેણીએ કાંઇ

જાણાવેલ નહી. ત્યારબાદ તેઓ કોર્ટમાં  જજ સાહેબ પાસે તેણીનું નિવેદન આપવા ગયેલા અને તેણીએ તેમનુ નિવેદન જજ સાહેબને આપેલુ. સદરહુ ભોગબનનારને સી.આર.પી.સી. કલમ – ૧૬૪ મુજબનુ નિવેદન બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક – ૨૬ થી રજુ રાખેલ છે.

આ કામના આરોપીઓ કિશોરભાઈની સાથે હતા અને આ તમામ આરોપીઓ પોત પોતાના ઘરે ધ્યાન રાખતા હતા અને કોઈ આવે નહી તેનું ધ્યાન રાખતા હતા. તેણીએ પોલીસમાં કાંઈ આપેલુ હોય તેની તેમને ખબર નથી.

સદરહુ ભોગબનનારને તેણીએ બનાવ સમયે પહેરેલા કપડા બતાવતા તે તેણી નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે. વધુમાં તેણીને મુદ્દામાલ પેનડ્રાઈવ કોર્ટ રૂમમાં આવેલ પી.સી.ના મોનીટર માં ચલાવી દેતા તેમાં ફોટોસ નામના ફોલ્ડરમાં વીડીયો ક્લીપ બતાવતા, તેમાં આરોપી નં – ૦૧ દ્બારા તેણીનો વીડિયો ક્લીપ લેવામાં આવેલી જેમાં તેણી તથા આરોપી નં –૦૧ દેખાય છે તે તેણી ઓળખી બતાવે છે. તેમજ ફોટોગ્રાફ નંગ–૦૩ બતાવતા તે તેણીના હોવાથી ઓળખી બતાવે છે. આરોપીઓને તેણી નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

→ બચાવપક્ષે ફરિયાદીની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્બારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેણી અને તેણીના માતા પિતા આરોપીના કારખાને હીરા ઘસવા જતા હતા અને તેમને પૈસાની જરૂર પડતી ત્યારે આરોપી પાસે ઉપાડ લેતા હતા. તેણી કેટલાક કારણોસર કારખાનામાં ગેરહાજર રહેલી. તેણીને અને તેણીના માતા પિતાને આરોપી સાથે ગેરહાજરીના કારણોસર બોલાચાલી થયેલી અને તે બાબતે તેણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા ગયેલી હતી અને તે વખતે તેમની સાથે સગા સબંધીઓ અને સમાજના આગેવાનો આવેલા હતા અને સગા વ્હાલા અને સમાજના આગેવાનોએ પોલીસ સાથે બધી વાત કરેલી અને પોલિસે તેમની તૈયાર લખેલા કાગળમાં સહી લીધેલી અને તે લખાણને તેણીએ વાંચેલુ નહી અને પોલીસે તે વાંચી સંભળાવેલ નહી. પોલીસે માત્ર તેણીનું નામ સરનામુ પુછેલુ અને બાકીની વિગતો સગા સબંધીઓ અને સમાજના આગેવાનો એ લખાવેલી. તેણીના પિતાના મોબાઈલ નંબરમાંથી આરોપી નં ૧ સાથે તેણીને

કોઇ વાતચીત કે મેસેજ થયેલા નથી. તેણીને કોર્ટમાં લઇ ગયેલ ત્યારે મહીલા કોન્સ્ટેબલ સાથે આવેલા. મહીલા પોલીસ કોન્સ્ટેબલે જે પ્રમાણે શીખવાડ્યુ તે પ્રમાણે તેણીએ નિવેદન આપેલુ. તેણીએ કોર્ટમાં શુ નિવેદન આપેલુ તે તેણીને યાદ નથી. પોલીસને એક વાર મળવાનુ થયેલ તે સિવાય ફરી મળવાનુ બનેલ નથી. તેણી સિવાય કારખાનામાં ઘણા બધા કારીગરો કામ કરતા હોય છે. આરોપી નં.૧ તેમની સાથે મજાક મસ્તી કરતા હતા તે અંગેની કોઇ વાતચીત કોઇ કારીગરને કરેલ નથી. આરોપી તેણીને ગેસ્ટહાઉસમાં કે અન્ય કોઇ આરોપીઓના ઘરે લઇ ગયેલ હોય ત્યારે તેણીએ રાડા રાડ કરેલી હોય કે આજુબાજુના કોઇ વ્યક્તિઓને જાણ કરેલી હોય કે તેણીના ઘરે જાણ કરેલી હોય તેવુ બનેલ નથી. તેઓ બંને એકબીજાની સંમતિથી શારીરીક સબંધ બાંધેલ હોય તેણીએ કોઇ રાડા રાડ કે દેકારો કરેલ નથી. અગાઉની સર તપાસની તમામ હકીકત કોઇએ શીખવાડ્યા મુજબ આપેલી છે. આરોપી નં. ૧ સાથે હિરાના ઉપાડની લેતી દેતી અંગેની તકરાર થયેલી તે સિવાય બીજો કોઇ બનાવ બનેલ નથી. આરોપી તેણીના કારખાનાના શેઠ હોવાથી તેણી ઓળખે છે.

➡ બચાવપક્ષે ફરિયાદીની આરોપી નં. ૨ ના વિ.વ.શ્રી દ્બારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, હીરા ઘસવા માટે તેણી અને તેણીના માતા પિતા સાથે જતા હતા અને સાથે પરત આવતા હતા અને કોઇ પ્રસંગમાં પણ સાથે જતા અને સાથે પરત આવતા હતા અને કોઇના ઘરે બેસવા જવાનુ હોય તો પણ સાથે જતા હતા. તેણી જયેશભાઇ, પાયલબેન, બળદેવભાઇ અને મયુરભાઇ સાથે હીરા ઘસતા હોય જેથી તેઓને ઓળખે છે. તેમના ઘરે એકલા જવાનું બનેલ નથી. આરોપી સાથે હિરા ઘસતા હોવાથી તેઓએ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે. જયેશભાઇના ઘરે કોઇ વિડીયો બનાવવામાં આવેલ નથી. તેણીના પિતાએ બે વકીલ રાખેલ અને તેણી તેઓની ઓફીસે જતી હતી. વકીલ સાહેબે તેણીને વીડીયો બનાવવાનુ તથા ધમકી આપવાનુ જણાવવા કહેલુ હતુ. તેણીના માતા પિતા અને ભાઇ અગાઉ જ્યા રહેતા હતા ત્યાં જ રહે છે અને આજેપણ હીરા ઘસવાનુ કામ કરે છે અને ઘરે જ હીરા ઘસે છે. લગ્ન પ્રસંગોમાં તેણીને અવારનવાર બહારગામ જવાનુ થાય છે. ફરિયાદમાં સહી કર્યા બાદ તેણીને પોલીસને મળવાનુ ક્યારેય થયુ

નથી. બોટાદમાં કયો વિસ્તાર ક્યા આવેલો છે તે તેણી જાણતી નથી. આરોપી કોણ ક્યાં રહે છે તેની તેણીને અંગત માહિતીનથી. હીરાના કારખાનામાં ઘણા બધા કારીગરો લેડીઝ અને જેન્ટસ બેસે છે. તેણીએ ધમકી બાબતની કોઇને ક્યારેય વાત કરેલી નથી.

➡ આરોપી નં. ૩, ૪ તથા ૫ ના વિ.વ.શ્રી દ્વારા ફરિયાદીની આરોપી નં. ૨ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

– ઉપરોક્ત ફરિયાદી/ભોગબનનારની સમગ્રપણે જુબાની જોતા તેઓ દ્વારા બનાવની હકીકતોને સંપૂર્ણપણે સોગંદ ઉપર સમર્થન આપવામાં આવેલ છે. જો કે બનાવની ચોક્કસ તારીખ તેમજ વર્ષ તેઓ જણાવી શકેલ નથી. પરંતુ બનાવ તારીખે ભોગબનનાર સગીર વયના હતા તે હકીકત શંકારહિત પુરવાર થાય છે. ભોગબનનારની જુબાની જોતા આ કામના આરોપી નં. ૧ નાઓ દ્વારા અન્ય આરોપીઓના ઘરે અવારનવાર તેણીના નાના ભાઈને મારી નાખવાની ધમકી આપી તેમજ પોતે મરી જશે તેવી ધમકી આપી ભોગબનનાર સાથે બળજબરીપૂર્વક શરીરસંબંધ બાંધેલ હોવાની હકીકત જણાવે છે અને તમામ આરોપીઓના ઘરે આરોપી નં. ૧ વાળા તેણીને લઈ જતા હતા તેમજ ડાભી ગેસ્ટ હાઉસમાં પણ તેણી સાથે શરીરસંબંધ બાંધેલો તે હકીકતો ભોગબનનારે સોગંદ ઉપર જણાવેલ છે. વિશેષમાં, આ કામના આરોપી નં. ૧ નાઓ દ્વારા પોતાના મોબાઈલ ફોનમાં ભોગબનનારનો શરીરસંબંધ બાંધેલો વિડીયો ઉતારવામાં આવેલ છે તે વિડીયો ક્લીપ કોર્ટ રૂબરૂ જોવામાં આવતા આ કામના ભોગબનનારે આરોપી નં. ૧ તથા તેણી પોતે આ વિડીયોમાં હાજર હોવાનું જણાવેલ છે. વિશેષમાં, બનાવ સમયે પહેરેલા કપડા પણ ભોગબનનારે ઓળખી બતાવેલ છે. જો કે ભોગબનનાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં માત્ર આરોપી નં. ૧ ને ઓળખી બતાવે છે, જ્યારે અન્ય આરોપીઓને તેઓ ઓળખતા નથી તેવુ જણાવેલ છે. પરંતુ કોર્ટ રૂમમાં તેણીને પડદો હટાવી આરોપીઓ બતાવવામાં આવતા તેણીએ તમામ આરોપીઓની ઓળખ આપેલી છે. આ કામે આરોપી નં. ૧ તરફે થયેલી ઉલટતપાસ જોતા આરોપીપક્ષ દ્વારા એવી હકીકતો લાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે કે, તેણી આરોપીના કારખાને હીરા ઘસવા જતી હતી ત્યારે અવારનવાર પૈસાની જરૂર પડતા તેઓ આરોપી પાસેથી ઉપાડ લેતા હતા તે

સંબંધે તેમજ તેઓના માતા–પિતાની ગેરહાજરીના કારણે બોલાચાલી થયેલી અને તે સંબંધે તેણીએ ફરિયાદ આપેલી. ભોગબનનારે ઉલટતપાસમાં એ હકીકત પણ કબુલ કરેલ છે કે, સદરહુ ફરિયાદ તેમના સમાજના આગેવાનો અને સગા સબંધીઓની સાથે મળીને આપવામાં આવેલી અને પોલીસે તૈયાર કાગળમાં સહી લીધેલી. જો કે ભોગબનનારે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી નં.૧ નાએ આરોપી નં. ૨ ના ઘરે જઈ તેઓની સાથે કોઈ શરીરસંબંધ બાંધતો વિડીયો ઉતારેલ નથી તેમજ ડાભી ગેસ્ટ હાઉસમાં પણ આરોપી નં. ૧ તેઓને લઈ ગયેલ હોય અને તેણી સાથે શરીરસંબંધ બાંધી તેનો વિડીયો ઉતારેલ હોય તેવી હકીકતો બનેલ નથી તેનો પણ ઈન્કાર કરેલ છે. વિશેષમાં, ભોગબનનારે એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, કોર્ટ રૂબરૂ જે વિડીયો બતાવવામાં આવેલ છે તેમાં તેણી છે તે ચોક્કસપણે કહી શકાય તેમ નથી. આરોપીપક્ષ દ્વારા સરતપાસની હકીકતો અન્વયે કોઈએ શીખવાડેલ હોવાનુ ભોગબનનારે જણાવેલ છે, પરંતુ કોર્ટ દ્વારા તેણીને પ્રશ્ન પુછવામાં આવતા તેણી જણાવે છે કે, આ હકીકત કોણે શીખવાડેલી તે તેણીને યાદ નથી. આમ, ભોગબનનારની સમગ્રપણે જુબાની જોતા આ કામના આરોપી નં. ૧ વાળાએ અવારનવાર તેણીની સગીરાવસ્થાનો ગેરલાભ લઈ તેણી સાથે બળજબરીપૂર્વક શરીરસંબંધ બાંધેલો અને તે અંગેનો વિડીયો પણ ઉતારેલાની હકીકત શંકારહિત પુરવાર થાય છે.

જો કે આરોપી નં. ૨ તરફે થયેલી ઉલટતપાસમાં ભોગબનનારે જણાવેલ છે કે, આરોપી નં. ૨ થી ૫ નાઓ તેણી સાથે હીરા ઘસતા હોય જેથી ઓળખે છે અને તે રીતે ઓળખી બતાવે છે અને આરોપી નં. ૨ ના ઘરે કોઈ વિડીયો બનાવવામાં આવેલ નથી. ભોગબનનારના જણાવ્યા અનુસાર તેમણે જે ખાનગી વકીલ રોકેલા તેઓ દ્વારા કોર્ટ રૂબરૂ વિડીયો બનાવેલ હોવાનુ તથા ધમકી આપેલ હોવાનુ શીખવવામાં આવેલ તેવુ જાહેર કરેલ છે. પરંતુ ભોગબનનારની સમગ્રપણે જુબાની જોતા તેઓ દ્વારા આરોપી નં. ૧ નાઓ વિરૂદ્ધની તમામ હકીકતો સોગંદ ઉપર જાહેર કરવામાં આવેલ છે અને સામાન્ય વિરોધાભાસી હકીકતો સિવાય ફરિયાદપક્ષના કેસને નુકસાન થાય તેવી કોઈ વિગતો ભોગબનનારની જુબાની પરથી જણાતી નથી. જો કે આરોપી નં.૨ થી ૫ નાઓ વિરૂદ્ધ ભોગબનનારની જુબાનીના આધારે તેઓને સજા કરી શકાય

તેવો કોઈ પુરાવો પ્રાપ્ત થતો નથી. વિશેષમાં, ભોગબનનાર દ્વારા સી.આર.પી.સી. કલમ – ૧૬૪ હેઠળના નિવેદનમાની હકીકતોનુ પણ સોગંદ ઉપર સમર્થન કરવામાં આવેલ છે. જે અન્વયે પણ ભોગબનનારે આ કામના આરોપી નં. ૧ વાળા વિરૂદ્ધ બનાવની સમગ્ર હકીકતો સંબંધે જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ જાહેર કરેલી છે. આ કામે ભોગબનનાર દ્વારા જે બનાવ સ્થળે આરોપી નં. ૧ નાઓ દ્વારા તેણી સાથે બળજબરીપૂર્વક શરીરસંબંધ બાંધવામાં આવેલો તે તમામ સ્થળો પંચસાહેદની હાજરીમાં તપાસ કરનાર અમલદારને બતાવવામાં આવેલ છે. તે સંજોગોમાં આ કામના આરોપી નં. ૧ નાઓ દ્વારા ભોગબનનારની સગીરાવસ્થાનો ગેરલાભ લઈ અવારનવાર તેણી સાથે બળજબરીપૂર્વક શરીરસંબંધ બાંધેલ તેમજ ડાભી ગેસ્ટ હાઉસમાં લઈ જઈ તેણી સાથે શરીરસંબંધ બાંધેલ અને તે અંગેનો વિડીયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી, પોક્સ એક્ટ તથા ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળનો ગુનો આચરવામાં આવેલો છે.

**૧૨.)** વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૨ ભોગબનનારના પિતાને આંક – ૨૭ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગબનનાર તેમની દીકરી થાય છે, જેની ઉમર હાલ ૨૦ વરસ છે તેણીની જન્મતારીખ તેમને ખબર નથી. બનાવ આશરે આઠ મહિના પહેલા બનેલો તે વખતે તેઓ આરોપી કિશોરભાઇના કારખાને હીરાઘસવાનુ કામ કરતા હતા ત્યા તેઓ તથા તેમની પત્ની અને ભોગબનનાર દિકરી કામ કરવા જતા હતા. બનાવમાં એવુ બનેલુ કે, તેમણે આરોપી કિશોરભાઇ જેઓ તેમના શેઠ છે તેમની પાસેથી રૂપીયા ૫,૦૦૦/– નો ઉપાડ લીધેલ હતો અને થોડા દિવસ તેમને કામે જવાનુ થયેલ નહી જેથી તેમની સાથે બોલાબોલી થયેલી અને શેઠ વધારે પડતુ બોલવા લાગેલા જેથી તેઓએ ફરિયાદ કરેલી. ભોગબનનારે શું ફરિયાદ આપેલી છે તેની તેમને ખબર નથી. આ બનાવની ફરિયાદ ભોગબનનારે આપેલી કારણ કે શેઠ ભોગબનનારને જેમતેમ બોલતા હતા. આરોપીઓને તેઓ નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

➡ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, ભોગબનનારે તેમને તથા

તેમના પત્નીને આરોપી નં.૧ નાએ તેણી સાથે તેણીની ઈચ્છાથી કે ઈચ્છા વિરૂધ્ધ શરીર સંબંધ બાંધેલ હોય તેવી કોઇ વાત કરેલ નથી. તેમણે આરોપી નં.૧ ને ભોગબનનાર સાથે કોઈ મજાક મસ્તી કે મેસેજ કરતા જોયેલ નથી. ભોગબનનારે આરોપી નં.૧ નાઓ તેણીને જયેશભાઈના ઘરે કે ડાભી ગેસ્ટા હાઉસમાં લઈ ગયેલ હોવાની વાત તેમને કે તેમની પત્નીને કરેલ નથી. પોલીસે ફક્ત તેમનું નામ, સરનામુ પુછેલુ. ભોગબનનારનો જન્મ ઘર સુવાવડથી થયેલો. તેણીના જન્મબાદ દોઢ બે વરસ પછી જન્મ નોંધણી કરાવવા ગયેલા. જન્મ નોંધણી એક વરસથી મોડી ન થાય જેથી તેમણે તેણીની અંદાજે તારીખ લખાવેલી. તેઓ તથા ભોગબનનાર સાથે કારખાનેથી ઘરે આવતા અને સાથે પરત આવતા અને ભોગબનાર કોઈ દિવસ એકલા કારખાને ગયેલા નહી. આરોપી નં.૧ તેમના શેઠ હોવાથી તેઓ તેને ઓળખે છે તેમજ અન્ય આરોપીઓ તેમની સાથે કામ કરતા હોવાથી તેઓ તેને ઓળખે છે. તેમને શેઠ સાથે બોલાચાલી થયેલ તે સિવાય બીજો કોઈ બનાવ બનેલ નહી.

➞ આરોપી નં.૨ થી ૫ ના વિ.વ.શ્રી દ્ધારા આ સાહેદની આરોપી નં. ૧ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર આરોપી નં. ૧ નાઓ પાસેથી તેઓએ રૂપિયા ૫૦૦૦/– નો ઉપાડ લીધેલો અને તે અંગે આરોપી નં. ૧ સાથે બોલાચાલી થયેલી તે અંગે તેઓએ ફરિયાદ કરેલી. જો કે આ સાહેદના જણાવ્યા અનુસાર આ બનાવ અંગે ભોગબનનારે શુ ફરિયાદ આપેલી તેની તેઓને ખબર નથી. પરંતુ આરોપી નં. ૧ ભોગબનનારને જેમ તેમ બોલતા હોય આ ફરિયાદ આપેલાનુ સાહેદે જણાવેલ છે. પરંતુ આ કામની આંક – ૨૫ અન્વયેની ફરિયાદ જોતા ભોગબનનારે આરોપી નં. ૧ નાઓ વિરૂદ્ધ રૂપિયા ૫૦૦૦/– ના ઉપાડ બાબતે કોઈ ફરિયાદ આપેલ હોય તેવુ જણાતુ નથી. આ સાહેદ પોલીસ રૂબરૂના નિવેદન માની કોઈ હકીકતોને સમર્થન આપતા નથી. વિશેષમાં, આરોપીઓ તરફે થયેલી ઉલટતપાસમાં આ સાહેદના જણાવ્યા અનુસાર ભોગબનનારે આરોપીના કૃત્ય બાબતે કોઈ વાતચીત કરેલી નથી અને આરોપી નં. ૧ સાથે તેઓને બોલાચાલી થયેલી તે સિવાય બીજો કોઈ બનાવ બનેલ નથી. આમ,

ઉપરોક્ત સાહેદ દ્વારા ભોગબનનાર તેમની દીકરી થતી હોવા છતાં તેણી દ્વારા આંક – ૨૫ અન્વયેની વિગતવારની ફરિયાદ આરોપીઓ વિરૂદ્ધ આપેલ હોવા છતાં ફરિયાદપક્ષને સમર્થન કરતી કોઈ જુબાની આપેલ નથી. તે સંજોગોમાં આ સાહેદની જુબાનીના આધારે આરોપીઓને સજા કરી શકાય તેવો કોઈ પુરાવો જણાતો નથી.

૧૩.) વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૩ ભોગબનનારના કાકાને આંક – ૨૮ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગબનનાર તેમના મોટાભાઈની દિકરી થાય છે, જેની જન્મતારીખ તેમને ખબર નથી. હાલમાં ભોગબનનાર દિકરીની ઉમર હાલ ૨૦ વરસ છે તેણીની જન્મતારીખ તેમને ખબર નથી. તેમને આ બનાવની કાઇ ખબર નથી. તેમને એટલી ખબર છે કે, આરોપી કિશોરભાઇએ ભોગબનનારને ગાળો આપેલી. આ ગાળો આપવાનુ કારણ એવુ હતુ કે, ભોગબનનારના પિતાએ આરોપી પાસેથી પૈસા લીધેલા. આ બનાવ અંગે તેમને તેમના મોટા ભાઇએ જણાવેલ જેથી તેમને જાણ થયેલી. પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલી નહી.

➞ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેમના મોટાભાઈને તથા તેના ઘરના સભ્યોને આરોપી સાથે હીરાના ઉપાડ સંબંધે બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઇ થયેલુ નહી. પોલીસને માત્ર તેમનુ નામ, સરનામુ લખાવેલુ.

➞ આ સાહેદની આરોપી નં. ૨ થી ૫ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર આરોપી નં. ૧ એ ભોગબનનારને ગાળો આપેલી તે સિવાય બીજો કોઈ બનાવ બનેલ નથી, ભોગબનનારના પિતાએ આરોપી પાસેથી પૈસા લીધેલા. આરોપીઓ તરફે થયેલી ઉલટતપાસમાં પણ આ સાહેદે જણાવેલ છે કે, આરોપી નં. ૧ સાથે માત્ર હીરાના ઉપાડ બાબતે બોલાચાલી થયેલી તે સિવાય બીજો કોઈ બનાવ બનેલ નથી. આમ, આ સાહેદની જુબાનીના આધારે આરોપીઓને સજા કરી શકાય તેવો કોઈ પુરાવો જણાતો નથી.

૧૪.) વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૪ ભોગબનનારના માતાને આંક – ૩૧ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગબનનાર તેમની દીકરી થાય છે, જેની જન્મતારીખ તેમને યાદ નથી. ભોગબનનાર દિકરીની ઉમર હાલ ૨૦ વરસ હશે. જે ઉમર તેમને તેમની ભોગબનનાર દિકરીએ જણાવેલ છે. બનાવ સમયે તેઓ હીરા ઘસતા હતા તે વખતે તેઓ તેમના પતિ અને ભોગબનનાર આરોપી કિશોરભાઇ લખમણભાઈ કણઝરીયાને ત્યા તુરખા રોડ પર આવેલ કારખાને હીરા ઘસવા માટે જતા હતા. બનાવ આશરે સાત આઠ મહિના પહેલા બનેલો. તે વખતે તેઓ કિશોરભાઇના કારખાને હીરા ઘસવા ગયેલા તે વખતે ભોગબનનાર દિકરી તેમની પાસે જ બેસેલી હતી. શું થયુ તેની તેમને ખબર નથી. ફરિયાદ તેમની ભોગબનનાર દિકરીએ લખાવી હશે. ફરિયાદ શું લખાવેલ તેની તેમને ખબર નથી અને તે બાબતે તેમને કાઇ જણાવેલ નહી. ભોગબનનાર દિકરી સાથે બોલાચાલી થયેલી હશે જેથી તેણીએ ફરિયાદ આપી હશે. પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલી નહી. આરોપી નં. ૧ તથા આરોપી બળદેવભાઇ અને જયેશભાઇને તેઓ નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

➞ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, નિવેદનમાં જણાવ્યા સિવાય તેઓ બીજુ નામ ધરાવતા નથી અને ભોગબનનાર કોઇ મોબાઇલ ધરાવતા નથી. તેઓ તેમના પતિ અને ભોગબનનાર સાથે કારખાને જતા અને સાથે પરત આવતા. ભોગબનનાર ઘરે એકલા રહેલા હોય અથવા કારખાને એકલા રહેલા હોય તેવો કોઇ પ્રસંગ બનેલ નથી. તેમને આરોપી સાથે હીરાના ઉપાડ સંબંધે બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઇ થયેલુ નહી. પોલીસને તેઓએ માત્ર નામ, સરનામુ લખાવેલુ.

➞ આરોપી નં. ૨ થી ૫ તરફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતા તેઓના જણાવ્યા અનુસાર તેઓને આ બનાવ અંગે કોઈ માહિતી નથી અને તેની ભોગબનનાર દીકરીએ શુ ફરિયાદ આપેલી તેની તેઓને કોઈ ખબર નથી. આમ, આ સાહેદની જુબાની જોતા તેઓને બનાવની હકીકતો અંગે કોઈ માહિતી હોય તેવુ જણાતુ

નથી અને ભોગબનનારે ફરિયાદ આપેલ હોવા છતાં આ સાહેદના જણાવ્યા અનુસાર તેણીએ શુ ફરિયાદ આપેલી તેની તેઓને કોઈ માહિતી નથી. આરોપીઓ તરફે થયેલી ઉલટતપાસ જોતાં આ સાહેદના જણાવ્યા અનુસાર આરોપી સાથે તેઓને હીરાના ઉપાડ સંબંધે બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઈ બનેલ નથી. આમ, આ સાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતોને કોઈ પ્રકારનુ સમર્થન આપતા નથી.

**૧૫.)** વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૫ ભોગબનનારના પિતરાઈને આંક – ૩૩ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ભોગબનનારના પિતા તેમના કુટુંબી કાકા થાય છે. આજથી આઠ નવ માસ પહેલા તેમને પોલીસ સ્ટેશને બોલાવેલા અને જણાવેલ કે, શેઠ સાથે ઉપાડ બાબતે લપ થયેલ છે અને પાંચ હજાર લીધેલા છે તે બાબતે માંગણી કરતા શેઠ સાથે માથાકુટ થયેલી તે બાબતે કેસ કરેલો છે. તે વખતે પોલીસે તેમને નામ સરનામુ અને ઉમર પુછેલી અને ત્યારબાદ પોલીસે તેમને જવા દીધેલ. આ સિવાય બીજી કોઇ વાત થયેલી નહી. આ કામના આરોપી જયેશભાઈ કાનજીભાઈ તેમના મિત્ર થતા હોવાથી તેઓ ઓળખે છે. અન્ય આરોપીઓને તેઓ ઓળખતા નથી. પોલીસને તેઓએ માત્ર તેમનું નામ અને ઉમર લખાવેલી તે સિવાય બીજુ કાંઇ લખાવેલ નહી.

➞ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, એ વાતની તેમને ચોકકસ ખબર નથી કે, ભોગબબનારની ઉમર બનાવ સમયે ૨૦ વરસની હતી. સવાલ : હીરાના કારખાને ૧૮ થી ઉપરની ઉમરના લોકોને જ કારીગર તરીકે રાખવામા આવે છે? તેવી પ્રશ્ન સ્વરૂપની ઉલટતપાસના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, કારખાનામા બોર્ડ મારેલા હોય છે.

➞ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૨ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેઓ ચોકકસ પણે કહી શકે નહી કે, ભોગબનનાર બનાવ પહેલાના બે ત્રણ વરસથી હીરાના કારખાને કામ કરવા જતી હતી. ત્યારબાદ સાહેદ જણાવે છે કે, ભોગબનનાર તેમના ઘર પાસેથી પસાર થતી હતી તેથી અઢી ત્રણ વરસથી જતી હશે તે પાક્કુ છે.

આરોપી નં.ર તેમના જ્ઞાતિના છે અને મિત્ર છે જેથી તેઓ ઓળખે છે. પોલીસને માત્ર તેઓએ નામ, સરનામુ અને ઉમર લખાવેલી તે સિવાય બીજુ કાંઈ લખાવેલ નહી.

➡ આરોપી નં. ૩, ૪ તથા ૫ ના વિ.વ.શ્રી દ્વારા સાહેદની આરોપી નં. ૨ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતા તેઓના જણાવ્યા અનુસાર ભોગબનનારના પિતાએ તેઓને પોલીસ સ્ટેશને બોલાવેલ અને આરોપી નં. ૧ સાથે ૫૦૦૦/– રૂપિયા બાબતે માથાકૂટ થતા કેસ કરેલો છે તેવી હકીકત જણાવેલ. પરંતુ આવી કોઈ ફરિયાદ થઈ હોય તેવુ રેકર્ડ ઉપરથી જણાતુ નથી. તે સંજોગોમાં આ સાહેદ ભોગબનનારે આપેલી ફરિયાદ સબંધેની કોઈ હકીકતો કોર્ટ રૂબરૂ જણાવતા નથી.

૧૬.) વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૬ ભોગબનનારના ભાભીને આંક – ૩૫ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગબનનાર મારા કાકાજીની દિકરી થાય છે જેઓ અમારા ઘરથી નજીકમા રહે છે. બનાવ સમયે તેઓ તુરખા રોડે શૈલેષભાઈના કારખાને હીરા ઘસવા જતા હતા. તે વખતે ભોગબનનાર કીશોરભાઈના કારખાને હીરા ઘસવા જતી હતી. તે વખતે ભોગબનનારની ઉમર ૨૦ વરસ હતી. બનાવ આશરે એક વરસ પહેલા બનેલ છે. બનાવ સમયે તેમને કહેલ કે બોલાચાલીનો કેસ છે બીજુ કાઇ નથી અને જાણવા મળેલ કે, ભોગબનનારને બોલાચાલી થયેલ છે. તેમને કોઇએ બોલાવેલ નહી. બનાવમા તેમને કોઇ વાત જાણવા મળેલ નહી. ભોગબનનાર અંગે તેમને કાંઇ હકીકત જાણવા મળેલ નહી. આરોપીઓને તેઓ ઓળખતા નથી.

સદરહુ સાહેદ ફરિયાદ અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. વિદ્વાન એ.પી.પી.શ્રી એ ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૨ અન્વયે વિસંગતતા પુરવાર કરવા તેઓને સુચક પ્રશ્નો પુછેલ હોવા છતાં સાહેદે ફરિયાદ અનુરૂપ કોઇ પુરાવો રેકર્ડ પર આપેલ ન હોવાથી ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે.

→ બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર ભોગબનનાર સાથે બોલાચાલી થયેલી તેવુ જાણવા મળેલ તે સિવાય કોઈ હકીકતની તેઓને ખબર નથી. તેમજ તેઓ આરોપીઓને પણ ઓળખતા નથી. આમ, આ સાહેદ પણ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા નથી.

૧૭.) વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૭ ડૉ. શિવાની હેમંતભાઈ વાજાને આંક – ૩૭ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૩/૦૩/૨૦૨૪ ના રોજ સાંજેના ૦૭:૩૦ વાગ્યે તેઓ સોનાવાલા હોસ્પીટલ ખાતે ફરજ પર હતા તે વખતે તેઓ સમક્ષ બોટાદ પોલીસ સ્ટેશનની યાદી સાથે પોકસો એકટ અન્વયેના ગુનાના આરોપી કિશોરભાઈ લખમણભાઈ કણઝરીયાને મેડીકલ તથા ફોરેન્સીક તપાસ અર્થે જરૂરી નમુનાઓ લેવા પોલીસ કોન્સ્ટેબલ જે.એન.ચૌહાણ, બ.નં.૨૦૧નાઓ દ્વારા લાવવામા આવેલા હતા. જેથી તેમણે તેમની જરૂરી તપાસ કરી નમુનાઓ લીધેલા. આરોપીને બનાવ અંગેનો અંગેનો ઈતિહાસ પુછતા તેણે આરોપીએ તેમની તથા સ્ટાફની અને સાથે આવેલ પોલીસ કોન્સટેબલની હાજરીમાં જણાવેલો. તેમજ આરોપીના શરીર પરથી હાથના નખ, સલાઈવા, પ્યુબિક હેર, લોહી, સીમેન તથા માથાના વાળ એમ કુલ છ નમુનાઓ લીધેલા. જે નમુનાઓ નમુનાના સીલ સાથે હોસ્પીટલના સીલ સાથે સીલ કરી તેઓએ ફોરેન્સીક તપાસણી માટે પોલીસમાં સાથે આવેલ પોલીસ કર્મચારી શ્રી જે.એમ.ચૌહાણને પત્ર સાથે મોકલેલ. ત્યારબાદ તેઓએ આરોપીની શારીરિક તપાસણી કરેલી તેમજ તપાસના અંતે અભિપ્રાય આપેલ કે, સામાન્ય સંજોગોમા તપાસ કરવામા આવેલ વ્યકિત શારીરિક સંભોગ કરવાને માટે અસક્ષમ છે તેવું આરોપીની તપાસમા કઈ જણાય આવેલ નહી. જે અંગેનુ તેઓએ મેડિકલ સર્ટીફિકેટ આપેલુ. જે આ કામે આંક–૪૦ થી રજુ રાખેલ છે.

→ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ આરોપીને તેના શરીર પરથી લીધેલ નમુનાનો તેના વિરૂધ્ધ ઉપયોગ થઈ શકે તેવુ જણાવેલ

નહી. તેમણે આરોપીની અલગથી લૈખિત મંજુરી લીધેલ નથી. આરોપીને અંગ્રેજી આવડે છે તેવુ સર્ટીફીકેટમાં જણાવેલ નથી. સર્ટીફીકેટમાં જે આરોપીએ મેડીકલ તપાસ માટે મંજુરી આપેલ હોવાનુ જણાવેલ છે તેમાના હસ્તાક્ષરો અને આરોપીની સહી ના હસ્તાક્ષરો અલગ અલગ છે.

➡ આરોપી નં. ૨ તથા ૪,૫ તરફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

➡ આરોપી નં. ૩ ના વિ.વ.શ્રી દ્વારા સાહેદની આરોપી નં. ૧ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર તેઓ દ્વારા આ કામના આરોપી નં. ૧ ની મેડિકલ તપાસ કરવામાં આવેલી છે જેમાં આરોપી નં. ૧ વાળાએ ભોગબનનાર સાથે અવાર નવાર શારીરિક સંબંધ બાંધેલાની હકીકત જણાવેલ છે. પરંતુ આરોપી નં. ૧ ના શરીરના કોઈપણ ભાગે ઈજાના નિશાન જોવા મળેલ નથી. આરોપી નં. ૧ શારીરિક સંબંધ બાંધવા સક્ષમ છે તેવુ આ સાહેદે જણાવેલ છે. આરોપી તરફે થયેલી ઉલટતપાસ જોતાં આ સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ આરોપી નં. ૧ ના સર્ટીફિકેટમાં ખોટી રીતે સહી લીધેલ છે તેમજ મેડિકલ તપાસ માટે આરોપીની કોઈ સંમતિ લેવામાં આવેલ નથી અને પોલીસના કહેવા મુજબ હિસ્ટ્રી લખી લેવામાં આવેલ છે. આમ, આ સાહેદની જુબાની જોતા આ સાહેદ દ્વારા આરોપી નં.૧ દ્વારા ભોગબનનાર સાથે અવારનવાર શરીરસબંધ બાંધેલાની હકીકત જણાવવામાં આવેલ છે. તે સંજોગોમાં આ સાહેદની જુબાનીના આધારે ફરિયાદપક્ષ આરોપી નં.૧ વિરૂદ્ધનો કેસ સાબિત કરવામાં સફળ રહેલ છે.

૧૮.) વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૮ ડૉ. નિલેશભાઈ જગદીશભાઈ પરમારને આંક – ૪૪ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૨/૦૩/૨૦૨૪ ના રોજ તેઓ સોનાવાલા હોસ્પીટલ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતા તે વખતે રાત્રે ૧૧:૫૦ કલાકે તેઓ સમક્ષ બોટાદ ટાઉન પો.સ્ટેની યાદી સાથે પોકસો એકટ અન્વયેના ગુનાના કામના ભોગબનનાર, ઉ.વ.૧૮ વર્ષ અને ૩ મહિનાને મહિલા પોલીસ કોન્સટેબલ બી.જી.મકવાણા, બ.નં.૮૧૭ નાઓ

મેડીકલ તથા ફોરેન્સીક તપાસ અર્થે જરૂરી નમુનાઓ લેવા તેમની સમક્ષ લાવેલ હતા. જેથી તેઓએ પોલીસની યાદી અનુસંધાને ભોગબનનારની મેડીકલ તપાસણી કરેલી અને પ્રફોર્મામા તેમની સંમતિ લીધેલી તેણીના શરીર પર ડાબા ગાલ પર તલ હતો. ભોગબનનારને બનાવ અંગે પુછતાં તેણીએ તેની માતા તથા સ્ટાફ નર્સ અને સાથે આવેલ મહિલા પોલીસની હાજરીમા હિસ્ટ્રી જણાવેલી. ત્યારબાદ તેઓએ ભોગબનનાર શરીરમાથી જમણા તથા ડાબા હાથના નખ, સલાઈવા, પ્યુબિક હેર, વેજાઇનલ સ્વોબ, લોહી, માથાના વાળ, વલ્વલ સ્વોબ મુજબના નમુનાઓ લીધેલ છે. જે નમુનાઓ ત્યાજ સીલ કરેલા અને સીલનો નમુનો પ્રફોર્મા પર લગાવેલો અને આ નમુનાઓ તેઓએ ફોરેન્સીક તપાસણી માટે પોલીસને યાદી સાથે મોકલેલ. ત્યારબાદ ભોગબનનારની તપાસણી અંગેનુ તેઓએ પ્રમાણપત્ર આપેલુ. જે પ્રમાણપત્ર તેઓને બતાવતાં તેમાં પોતાની સહી તથા હોદ્દાનું શીલ ઓળખી બતાવે છે. જે આ કામે આંક-૪૭ થી રજુ રાખેલ છે. તેમજ ભોગબનનારની ઉમર પોલીસ રીપોર્ટ મુજબ ૧૮ વરસ અને ૩ માસ હતી જેથી તેણીની ચોકકસ ઉમરની ખાતરી કરવા માટે તેણીનો રેડીયોલોજીકલ રીપોર્ટ આપવા માટે ભોગબનનારને સર.ટી. હોસ્પીટલ, ભાવનગર ખાતે યાદી કરેલી.

➡ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, સામાન્ય રીતે એમ.એલ.સી. માં અંગુઠો લીધેલ હોય તો તે ડાબા હાથનો છે, જમણા હાથનો છે કે પગનો છે તેની નોંધ કરવાની હોય છે. આવી કોઈ નોંધ તેઓએ કોલમ-૧૪ મા કરેલ નથી. એમ.એલ.સી. તેમને ત્યા પ્રીન્ટેડ રાખવામા આવે છે અને ૧ થી ૩૫ સુધીના ખાના પ્રીન્ટેડ રાખવામા આવતા હોય છે. ભોગબનનારની હીસ્ટ્રમા ચાર થી પાંચ લાઇનની જગ્યા છોડ્યા પછી તેણીની સહી લેવામા આવેલ છે. સાહેદ જણાવે છે કે, ભોગબનનારને હિસ્ટ્રી વાંચી સંભળાવવામા આવ્યા બાદ તેણીની સહી લેવામા આવેલ છે. મેડીકલ સર્ટીફીકેટમાં પેજ નં.૮ પર લખેલ હિસ્ટ્રી નીચે ભોગબનનારની સહી લેવામા આવેલ નથી. સાહેદ જણાવે છે કે, અગાઉ ભોગબનનારની જે હિસ્ટ્રી લેવામા આવેલ છે તે જ હિસ્ટ્રી પેજ નં.૮ પર લખવામા આવેલ છે. હાયમન તુટવાના ઘણા બધા કારણો હોય છે.

→ આરોપી નં. ૨ તથા ૪,૫ તરફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

→ આરોપી નં. ૩ ના વિ.વ.શ્રી દ્વારા સાહેદની આરોપી નં. ૧ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર તેઓ દ્વારા ભોગબનનારની મેડિકલ તપાસ તથા ફોરેન્સિક તપાસ અંગેના જરૂરી નમુનાઓ લેવામાં આવેલા છે. ભોગબનનારે આરોપી નં. ૧ નાઓ દ્વારા તેણી સાથે તેની મરજી વિરૂદ્ધ અવારનવાર શરીરસંબંધ બાંધેલાની હકીકત જણાવેલ છે. જો કે ભોગબનનારના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન જણાય આવેલ નથી. આરોપીઓ તરફે થયેલી ઉલટતપાસ જોતાં આ સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ભોગબનનારની હિસ્ટ્રી નીચે તેઓની સહી લેવામાં આવેલ નથી. તેમજ એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, ભોગબનનારે કોઈ હિસ્ટ્રી આપેલ નથી. તે સંજોગોમાં ભોગબનનારે આરોપી નં. ૧ નાઓ વિરૂદ્ધ તેણીની મરજી વિરૂદ્ધ અવારનવાર શરીરસંબંધ બાંધેલાની હકીકત આ સાહેદ રૂબરૂ જણાવવામાં આવેલી છે.

૧૯.) વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૯ અરવિંદભાઈ ચંપકભાઈ જમોડને આંક – ૫૦ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ બોટાદ નગરપાલીકા ખાતે જન્મ નોંધણી રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવે છે. તેઓએ સને.૨૦૦૫ ના વર્ષના તેમની કચેરીના નોંધણી રજીસ્ટરના જરૂરી ઉતારો તથા કચેરીમાં નોંધાયેલ ભોગબનનારના જન્મનો દાખલો આ કામે રજુ રાખેલ છે. જેમા ભોગબનનારનો જન્મ સને–૨૦૦૫ ના નોંધણી ક્રમાંક ૪૮૮૭ પર નોંધવામા આવેલ છે. જે મુજબ ભોગબનનારની જન્મતારીખ ૧૧/૧૨/૨૦૦૫ છે. સદરહુ નોંધણી તા.૧૨/૧૨/૨૦૦૫ ના રોજ કરવામા આવેલી. સદરહુ જન્મનોંધણી રજીસ્ટરની ખરીનકલ આંક – ૫૧ થી તથા ભોગબનનારની જન્મતારીખની ખરાઈ કરવા બાબતે તેઓને પાઠવેલ યાદી આંક – ૫૨ થી તથા ભોગબનનારનો જન્મનો દાખલો આંક – ૫૩ થી રજુ રાખેલ છે.

→ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, સામાન્ય રીતે કોઇ

બાળકના જન્મની નોંધણી પંદર દિવસ સુધીમા કરવામા આવે છે જો એક માસ જેટલો સમય થઇ જાય અને પછી કોઇ નોંધણી કરાવવા આવે તો જિલ્લા આરોગ્ય વિભાગમાંથી હુકમ કરાવવો પડે છે અને એક વરસ બાદ જો નોંધણી કરાવવા આવે તો નામદાર કોર્ટનો હુકમ મેળવવો જરૂરી છે. સવાલ: જો કોઇ વ્યકિત દોઢ–બે વરસ બાદ તેના બાળકની નોંધણી કરાવવા આવે અને તે એવુ જણાવે કે, બાળકનો જન્મની એક માસ સુધીની ખોટી જન્મ તારીખ જણાવે તો તે નોંધણી ફોર્મ ભરીને થઇ શકે? જવાબ: જો જન્મતારીખ નોંધનાર વ્યકિતને જાણ ન હોય અને જો કોઇ વ્યકિત આવી ખોટી જન્મતારીખ નોંધાવા આવે તો જે તે ફોર્મમાં દર્શાવેલ તારીખને આધારે તેની જન્મતારીખની નોંધ કરેલ હોય શકે. સદરહું નોંધ તેમના હસ્તાક્ષરમાં નથી તેમજ આ નોંધ કોણે કરી તેની તેમને ખબર નથી. તેઓએ રજીસ્ટરના આધારે જુબાની આપેલ છે.

→ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૨ થી ૫ ના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓ દ્વારા ભોગબનનારના જન્મ તારીખ સંબંધે જન્મ નોંધણી રજીસ્ટર તથા ભોગબનનારની જન્મતારીખ સંબંધેનુ પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલુ છે. જે અનુસાર ભોગબનનારની જન્મતારીખ ૧૧/૧૨/૨૦૦૫ જણાવવામાં આવેલી છે. આરોપીપક્ષ તરફે થયેલી ઉલટતપાસ જોતાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રજીસ્ટરમાં જે નોંધ કરવામાં આવેલી છે તે કોણે કરી તેની તેઓને ખબર નથી, તેઓએ માત્ર રજીસ્ટરના આધારે જુબાની આપેલ છે. પરંતુ આરોપીપક્ષ દ્વારા સમગ્ર કેસની કાર્યવાહી દરમિયાન ભોગબનનારની જન્મ તારીખ સંબંધે કોઈ વિરોધાભાસી હકીકતો કોર્ટ રૂબરૂ લાવવામાં આવેલી નથી. તે સંજોગોમાં ભોગબનનાર તથા અન્ય સાહેદોની જુબાની જોતાં તેણીની જન્મતારીખ ૧૧/૧૨/૨૦૦૫ ની હોવાનુ પુરવાર થાય છે અને તે અનુસાર બનાવ સમયે તેણી સગીર વયની હોવાનુ પુરવાર થાય છે.

૨૦.) વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૦ બસી સનીને આંક – ૫૬ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ ૧૩/૦૩/૨૦૨૪ ના રોજ સાંજના તેઓ સર ટી.

હોસ્પિટલ ભાવનગર ખાતે રેડીલોજીસ્ટ તરીકે ફરજ પર હાજર હતા. તે વખતે બોટાદ પોલીસ સ્ટેશનના ડબલ્યુ. પી.સી. પી.એન.કણજરીયા બ.નં–૮૪૬ પોલીસ યાદી સાથે ભોગબનનારની સોનોગ્રાફી કરવા માટે તેમની પાસે લાવેલા હતા. તેમણે ભોગબનનારની ઉપરોકત ડબલ્યુ.પી.સી. ની હાજરીમાં સોનોગ્રાફી કરેલી. ભોગબનનારની તપાસ કરતા બ્લેડર ફુલ હતુ. યુટરસ નોર્મલ સાઈઝનુ હતુ. અંડાશયામા કોઈ સોજો ન હતો. જે અંગેનું તેઓએ પ્રમાણપત્ર આપેલુ. જે તેઓને બતાવતાં, તેમના આસીસ્ટન્ટે તેમની હાજરીમાં આ સર્ટી. લખેલ છે જે તેઓએ ઓળખી બતાવી આંક – ૫૮ થી રજુ રાખેલ છે.

➡ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેમણે કોઈ અભિપ્રાય આપેલ નથી. તેમણે ભોગબનનારની કોઈ હિસ્ટ્રી લીધેલી નથી. ભોગબનનારની શારીરિક સ્થિતિ સામાન્ય હતી. તેમણે આ સિવાય કોઈ દસ્તાવેજ પોલીસને આપેલ નથી.

➡ આરોપી નં. ૨ થી ૫ તરફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓ દ્વારા ભોગબનનારની સોનોગ્રાફી કરવામાં આવેલ છે અને તેણીની તપાસ કરતા કોઈ નોંધપાત્ર હકીકતો જણાય આવેલી નથી. તે સંજોગોમાં આ સાહેદની જુબાનીના આધારે આરોપીને સજા કરી શકાય તેવો કોઈ પુરાવો જણાતો નથી.

**૨૧.)** ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૧ પંચ જગદીશભાઈ ભનુભાઈ બાગોદરીયાને આંક – ૬૦** થી તથા **સાહેદ નં. ૧૨ પંચ બળદેવભાઈ રાઘવભાઈ મેણીયાને આંક – ૬૬ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આજથી આશરે એકાદ વર્ષ પહેલા પોલીસે તેમની સહી લીધેલી. સહી શી બાબતની હતી તેની તેમને ખબર નથી. તેમની હાજરીમાં ભોગબનનાર બનાવ સમયે પહેરલા કપડા રજુ કરતાં હોય જે પંચનામાની વિગતે કબ્જે કરેલ હોય તેવું બનેલ નથી. સદરહુ સાહેદને આંક – ૬૧ થી રજુ થયેલ પંચનામુ બતાવતાં, તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ તેમાથી નિકળેલ કાપલીઓમાં પોતાની સહી છે જે ઓળખી

બતાવે છે. જે કાપલીઓ આ કામે આંક – ૬૨ થી ૬૫ સુધી રજુ રાખેલ છે.

સદરહું પંચસાહેદો પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા, જે અન્વયે મંજુરી આપી ઉલટતપાસ કરતાં, કોઈ મહત્વની હકીકત બહાર આવેલી નથી.

➡ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૨ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, સહી સિવાય બીજી કોઈ હકીકત જાણતા નથી.

➡ આરોપી નં. ૧ તથા ૩ થી ૫ તરફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

– ઉપરોક્ત પંચસાહેદોની જુબાની જોતા તેઓના જણાવ્યા અનુસાર તેઓની હાજરીમાં ભોગબનનારે કોઈ કપડા રજુ કરેલ નથી. પરંતુ આ પંચસાહેદોએ આંક – ૬૧ વાળા પંચનામામાં પોતાની સહી હોવાનુ ઓળખી બતાવેલ છે તેમજ ભોગબનનારના મુદ્દામાલ આર્ટીકલ નં. એ થી ડી વાળા કપડામાંથી જે પંચસ્લીપો નિકળેલ છે તેમા પણ આ પંચસાહેદોની સહી હોવાનુ ઓળખી બતાવવામાં આવેલ છે. જો કે આ પંચસાહેદો પંચનામાની હકીકતોને સોગંદ ઉપર સમર્થન આપતા નથી. પરંતુ પંચનામા તથા પંચસ્લીપોમાં પોતાની સહી હોવાનું જણાવે છે. તે સંજોગોમાં આંક – ૬૧ વાળા પંચનામાની હકીકતો પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ છે.

**૨૨.)** ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૩ પંચ ગોરધનભાઈ ધરમશીભાઈ મકવાણાને આંક – ૬૮** થી સોગંદ ઉપર તપાસેલાં છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આજથી આશરે એકાદ વર્ષ પહેલા પોલીસે એક તૈયાર કાગળમાં તેમની સહી લીધેલી. તેમની હાજરીમાં આરોપીએ બનાવ સમયે પહેરલા કપડા તથા બાઈક રજુ કરતાં હોય અને તે પંચનામાની વિગતે કબ્જે કરેલ હોય તેવું બનેલ નથી. સદરહુ સાહેદને આંક – ૬૯ થી રજુ થયેલ પંચનામુ બતાવતાં, તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ તેમાંથી નિકળેલ કાપલીઓમાં પોતાની સહી છે જે ઓળખી બતાવે છે. જે કાપલીઓ આ કામે આંક – ૭૦ થી ૭૨ સુધી રજુ રાખેલ છે.

સદરહું પંચસાહેદ પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો

રજુ રાખતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા, જે અન્વયે મંજુરી આપી ઉલટતપાસ કરતાં, કોઈ મહત્વની હકીકત બહાર આવેલી નથી.

→ આરોપીઓ તરફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

– ઉપરોક્ત પંચસાહેદની જુબાની જોતા તેઓ દ્વારા આરોપી નં. ૧ કિશોરભાઈ લખમણભાઈ કણજરીયાના મુદ્દામાલ કપડા તેઓની હાજરીમાં પોલીસે કબજે લીધેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. પરંતુ પંચનામામાં તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં. ઈ થી જી વાળા કપડામાંથી નિકળેલ પંચસ્લીપોમાં પોતાની સહી હોવાનુ ઓળખી બતાવેલ છે. તે સંજોગોમાં તેટલા અંશે ફરિયાદપક્ષ દ્વારા આંક – ૬૯ વાળા પંચનામાની હકીકતોને પુરવાર કરવામાં આવેલ છે.

૨૩.) વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૪ વનરાજભાઈ જેઠાભાઈ કણઝરીયાને આંક – ૭૩ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે એકાદ વરસ પહેલા તેઓ તથા ગોરધનભાઈ બોટાદ પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે પોલીસે તેમને ઉભા રાખી એક તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા તેમણે સહી કરેલી. આ સહી એક પોકસોનો કેસ હતો તે બાબતની હતી તે કેસમા કિશોરભાઈ આરોપી તરીકે હતા તેમા સહી લીધેલી. જે બાબતે પોલીસે તેઓને જાણ કરેલી. તેઓ આરોપી કિશોરભાઇ કણઝરીયાને ઓળખતા નથી. પોલીસ સ્ટેશનમા પોલીસે તેમને બોલાવી કપડા બતાવેલા, જે કપડામાં પેન્ટ શર્ટ હતો. જે શર્ટ મરૂન કલરનો તથા પેન્ટ બ્લુ કલરનુ હતુ. આ સાહેદને આંક–૬૯ વાળુ પંચનામુ બતાવતા, તેમાં પંચ નં.૨ તરીકે પોતાની સહી તથા પંચ–૧ તરીકે ગોરધનભાઈની સહી ઓળખી બતાવે છે. આ સાહેદને આરોપીએ બનાવ સમયે પહેરેલા કપડા બતાવતા, તે તેઓ નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે તેમજ સદરહુ કપડામાંથી નિકળેલ આંક – ૭૦ થી ૭૨ વાળી પંચસ્લીપો બતાવતા તેમાં પણ પોતાની સહી ઓળખી બતાવે છે.

તા.૧૩/૦૩/૨૦૨૪ ના પોલીસ રૂબરૂના પંચનામામાં એવી હકીકત લખાવેલ છે કે, પોલીસ સ્ટેશનમાં આરોપી કિશોરભાઇ લખમણભાઇ

કણઝરીયા હાજર હતા અને તેઓએ આ કપડા પંચો સમક્ષ રજુ કરેલા. સદરહુ સાહેદ આરોપી નં. ૧ ને નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

➡ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેમણે તથા ગોરધનભાઇએ પોલીસ સ્ટેશનની બહાર સહીઓ કરેલી. તેઓ તથા ગોરધનભાઇ પોલીસ સ્ટેશનની અંદર ગયેલ નથી. મુદ્દામાલવાળો શર્ટ મરૂન કલરનો નથી પરંતુ બ્લુ કલરનો છે. તેમને પોલીસ સ્ટેશનની બહાર પોલીસે કપડા બતાવેલા. પોલીસે લખાણ કરી તૈયાર લખેલ કાગળમા સહી કરવાનુ કહેતા તેમણે સહી કરેલી, સહી સિવાય બીજી કોઇ હકીકત તેઓ જાણતા નથી.

➡ આરોપી નં.૨ થી ૫ તરફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

– ઉપરોક્ત પંચસાહેદની જુબાની જોતા તેઓના જણાવ્યા અનુસાર તેમની હાજરીમાં આરોપી નં. ૧ વાળાએ કોઈ કપડા રજુ કરેલ નથી. પરંતુ આ પંચસાહેદના જણાવ્યા અનુસાર તેઓને મુદ્દામાલ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે તેમ છે અને તેઓ દ્વારા આરોપી નં. ૧ ના તમામ મુદ્દામાલવાળા કપડા કોર્ટ રૂબરૂ ઓળખી બતાવવામાં આવેલ છે. તેમજ આંક – ૬૯ વાળુ પંચનામુ તથા પંચસ્લીપોમાં પોતાની સહી હોવાનુ ઓળખી બતાવેલ છે. સદરહુ પંચસાહેદ પંચનામાની હકીકતોને સમર્થન આપતા ન હોય ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ફરિયાદપક્ષ દ્વારા તેઓની ઉલટતપાસ લેવામાં આવતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી નં. ૧ એ આ કપડા પંચો સમક્ષ પોલીસ સ્ટેશનમાં રજુ કરેલા. આરોપીપક્ષ તરફે થયેલી ઉલટતપાસ જોતાં તેઓના જણાવ્યા અનુસાર આ પંચનામામાં તેમણે અને ગોરધનભાઈ મકવાણાએ પોલીસ સ્ટેશનની બહાર સહીઓ કરેલી અને પોલીસ સ્ટેશનની બહાર કપડા બતાવેલા. આમ, આ પંચસાહેદે આંક – ૬૯ વાળા પંચનામાની કેટલીક હકીકતોને સોગંદ ઉપર સમર્થન કરેલ છે અને તેટલે અંશે આંક –૬૯ વાળુ પંચનામુ પુરવાર થયેલ છે.

**૨૪.)** ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૫ પંચ પ્રકાશભાઈ ડાયાભાઈ સરવૈયાને આંક – ૭૫** થી સોગંદ ઉપર તપાસેલાં છે. જેઓ તેમની સોગંદ

ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આશરે એકાદ વર્ષ પહેલા પોલીસે તેમની સહી લીધેલી. સહી શી બાબતની હતી તેની તેમને ખબર નથી. તેમની હાજરીમાં આરોપીએ મોબાઈલ તથા પેનડ્રાઈવ રજુ કરતાં હોય અને તે પંચનામાની વિગતે કબ્જે કરેલ હોય તેવું બનેલ નથી. સદરહુ સાહેદોને આંક – ૭૬ થી રજુ થયેલ પંચનામુ બતાવતાં, તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ તેમાંથી નિકળેલ કાપલીઓમાં પોતાની સહી છે જે ઓળખી બતાવે છે. જે કાપલીઓ આ કામે આંક – ૭૭ થી ૮૦ સુધી રજુ રાખેલ છે.

સદરહું પંચસાહેદ પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા, જે અન્વયે મંજુરી આપી ઉલટતપાસ કરતાં, કોઈ મહત્વની હકીકત બહાર આવેલી નથી.

➡ આરોપીઓ તરફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

– ઉપરોક્ત પંચસાહેદની જુબાની જોતા તેઓના જણાવ્યા અનુસાર તેઓની હાજરીમાં કોઈ મોબાઈલ ફોન કે પેનડ્રાઈવ કબજે લેવામાં આવેલ નથી. પરંતુ આંક – ૭૬ વાળા પંચનામામાં પોતાની સહી હોવાનુ ઓળખી બતાવે છે. તેમજ આ કામે સદરહુ મુદ્દામાલમાંથી નિકળેલ પંચસ્લીપોમાં પોતાની સહી હોવાનુ આ સાહેદે સ્વીકાર કરેલ છે અને તેટલે અંશે ફરિયાદપક્ષ દ્વારા આંક – ૭૬ વાળુ પંચનામુ પુરવાર કરવામાં આવેલ છે.

**૨૫.)** ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૬ પંચ રહીમભાઈ ઉમરભાઈ સંધીને આંક – ૮૧** થી સોગંદ ઉપર તપાસેલાં છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આશરે એકાદ વર્ષ પહેલા પોલીસે તેમની સહી લીધેલી. સહી શી બાબતની હતી તેની તેમને ખબર નથી. તેમની હાજરીમાં આરોપીએ મોબાઈલ તથા પેનડ્રાઈવ રજુ કરતાં હોય અને તે પંચનામાની વિગતે કબ્જે કરેલ હોય તેવું બનેલ નથી. સદરહુ સાહેદને આંક – ૭૬ થી રજુ થયેલ પંચનામુ બતાવતાં, તેમાં પંચ નં. ૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ તેમાંથી નિકળેલ કાપલીઓમાં પોતાની સહી છે જે ઓળખી બતાવે છે. જે કાપલીઓ આ કામે આંક – ૭૭ થી ૮૦ સુધી રજુ રાખેલ છે.

સદરહું પંચસાહેદ પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા, જે અન્વયે મંજુરી આપી ઉલટતપાસ કરતાં, કોઈ મહત્વની હકીકત બહાર આવેલી નથી.

➡ આરોપીઓ તરફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

– ઉપરોક્ત પંચસાહેદ દ્વારા આંક – ૭૬ વાળા પંચનામા તથા મુદ્દામાલ માની પંચસ્લીપોમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવવામાં આવેલ છે. પરંતુ મુદ્દામાલ ઓળખી બતાવવામાં આવેલ નથી. તેમજ તેમની હાજરીમાં કોઈએ આ મુદ્દામાલ રજુ કર્યો હોય તે હકીકતનો પણ આ સાહેદે ઈન્કાર કરેલ છે અને તેટલા અંશે ફરિયાદપક્ષ દ્વારા આંક – ૭૬ વાળુ પંચનામુ પુરવાર કરવામાં આવેલ છે.

૨૬.) ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૭ પંચ દિનેશભાઈ ગોવિંદભાઈ મકવાણાને આંક – ૮૩** થી તથા **સાહેદ નં. ૧૮ પંચ ઓધવજીભાઈ અમરશીભાઈ કણઝરીયાને આંક – ૮૫** થી સોગંદ ઉપર તપાસેલાં છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આશરે એકાદ વર્ષ પહેલા પોલીસે તેમની લખેલા કાગળમાં સહી લીધેલી. સહી શી બાબતની હતી તેની તેમને ખબર નથી. તેમની હાજરીમાં આરોપી તથા ભોગબનનારના મેડિકલ સેમ્પલો રજુ કરતાં હોય અને તે પંચનામાની વિગતે કબ્જે કરેલ હોય તેવું બનેલ નથી. સદરહુ સાહેદોને આંક – ૮૪ થી રજુ થયેલ પંચનામુ બતાવતાં, તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

સદરહું પંચસાહેદો પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા, જે અન્વયે મંજુરી આપી ઉલટતપાસ કરતાં, કોઈ મહત્વની હકીકત બહાર આવેલી નથી.

➡ આરોપીઓ તરફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

– ઉપરોક્ત પંચસાહેદની જુબાની જોતા તેઓ દ્વારા આંક – ૮૪ વાળા પંચનામામાં પોતાની સહી હોવાનુ ઓળખી બતાવે છે. પરંતુ આરોપી

તથા ભોગબનનારના શરીર ઉપરથી લીધેલા મેડિકલ નમુનાઓ તેઓની હાજરીમાં કબજે લીધેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે અને તેટલા અંશે આંક – ૮૪ વાળા પંચનામાની હકીકતોને સમર્થન આપેલ છે.

**૨૭.)** વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૯ પંચ લવજીભાઈ રત્નાભાઈ મકવાણાને આંક – ૮૮ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૧૫/૦૩/૨૦૨૪ ના રોજ તેઓ જુનિયર કલાર્ક તરીકે બોટાદ નગરપાલિકા ખાતે ફરજ બજાવતા હતા તે વખતે તેઓ પોલીસ સ્ટેશન એક પોક્સ કેસનું પંચનામુ કરવા ગયેલા. ભોગબનનારે જે જગ્યા બતાવેલી તે જગ્યાએ મકાનની અંદર દાખલ થયેલા તે વખતે મકાનની અંદર એક ઈસમ હાજર હતાં જેનુ નામ જયેશભાઈ હતુ અને તેઓ સદર મકાન માલિક હોવાનુ જણાવેલુ. ત્યારબાદ તમામ આ મકાનમા દાખલ થયેલા જેમા એક રૂમ ભોગબનનારે દેખાડેલ તે રૂમમા ભોગબનનાર સાથે આરોપી કિશોરભાઈએ શારીરિક સંબંધ બાંધેલ. ત્યારબાદ ભોગબનનાર બીજી જગ્યા બતાવવા માગતા હોય તમામ લોકો ગાડીમા બેસી ભોગબનનારે દેખાડ્યા મુજબ બોટાદમાં આવેલ ભગતની વાડી વિસ્તારમા ગયેલા અને ગાડીમાથી ઉતરેલા તે જગ્યા પણ એક મકાન હતુ. આ મકાન પાયલબેન તથા બળદેવભાઈનુ હોવાનુ જણાવેલુ. આ મકાન એક માળનુ હતુ. આ મકાનમા ભોગબનનાર સાથે તમામ લોકો દાખલ થયેલા તે વખતે આ મકાનમાથી કોઈ નીકળેલ નહી. ભોગબનનારે આ મકાનમા એક રૂમ દેખાડેલ જે રૂમમા ભોગબનનાર સાથે આરોપી કિશોરભાઈએ શરીર સંબંધ બાંધેલ તેવી હકીકત ભોગબનનારે જણાવેલી. ત્યારબાદ ભોગબનનારે પાળીયાદ રોડ પર આવેલ ડાભી ગેસ્ટ હાઉસ નામની જગ્યા બતાવેલી જે જગ્યાએ તેઓ તમામ લોકો ગાડીમા બેસી ગયેલા અને આ ડાભી ગેસ્ટ હાઉસ આવતા તમામ ઉતરેલા. ભોગબનનારે દેખાડ્યા મુજબ ડાભી ગેસ્ટ હાઉસમા ગયેલા હતા તે વખતે ત્યા મેનેજર ભાવેશભાઈ ડાભી હાજર હતા. આ ગેસ્ટ હાઉસમા ૧૦૧ થી ૧૦૮ સુધીના કુલ ૮ રૂમ હતા. ભોગબનનારે રૂમ નં.૧૦૨, ૧૦૪, ૧૦૫, ૧૦૬ અને ૧૦૮ બતાવેલા અને આ તમામ રૂમોમા જતા તેમા સુવા માટેના બેડ હતા. ભોગબનનારે જણાવેલ કે, આ તમામ રૂમોમા આરોપી કિશોરભાઈએ તેની સાથે અવાર નવાર શારીરિક સંબંધ બાંધેલ. ત્યારબાદ

ડાભી ગેસ્ટ હાઉસથી ભોગબનનાર બીજી જગ્યા બતાવવા માગતા હોય ગાડીમા તમામ લોકો બેસી ભોગબનનાર મોરારીનગર–૨ વિસ્તારમા લઈ ગયેલ જ્યા એક મકાન આવતા ગાડી ઉભી રાખેલી અને તમામ લોકો નીચે ઉતરેલા જે મકાન રહેણાંકી મકાન હતુ. જે મકાન ઉપર એક બીજુ મકાન પણ હતુ. આ મકાનમાથી એક ઈસમ બહાર આવેલ જેનુ પોલીસે નામ ઠામ પુછતા પોતાનુ નામ મયુરભાઈ જણાવેલ હતુ. આ મકાનમા તેઓ બધાએ ભોગબનનાર સાથે દાદરો ચડી ઉપર આવેલ રૂમમા પ્રવેશ કરેલો. આ રૂમ ભોગબનનારે દેખાડેલ અને આરોપી કિશોરભાઈએ ભોગબનનાર સાથે શારીરિક સંબંધ બાંધેલ હોવાની હકીકત જણાવેલી.

ત્યારબાદ સદર જગ્યા પરથી એક સતરંગી જોવામા આવેલી જે પોલીસે કબજે લીધેલી. સાહેદને મુદ્દામાલ સતરંગી બતાવતા તે પોલીસે સદર જગ્યાએથી તપાસના કામે કબજે લીધેલ. જે મુદ્દામાલ તેઓ ઓળખી બતાવે છે. તેમજ તે અંગેના પંચનામાનુ લખાણ તેઓના લખાવ્યા મુજબનુ કરેલુ. જે પંચનામુ સાહેદને બતાવતાં તેમાં પંચ નં. ૧ તરીકે તેમની તથા પંચ નં. ૨ તરીકે રાવલ મનોજભાઈની સહી તેઓ ઓળખી બતાવે છે.

➡ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ તેમની કચેરી તરફથી પંચનામામા રહેવા માટે મળેલ લૈખિત હુકમ પોલીસને આપેલ નહી. પંચમા રહેવા માટે તેમને તા.૧૫ મી ના રોજ બપોરે જાણ થયેલી. તેમને કચેરીમાંથી કોઈ કામગીરી માટે બહાર જવાનુ થાય તો કોઈ રજીસ્ટર કે મસ્ટરમાં નોંધ કરવાની હોતી નથી. તેમને ગુન્હા રજીસ્ટર તથા કલમ વિશે જાણકારી નથી. પોલીસ સ્ટેશન ખાતે તેઓ દસ થી પંદર મીનીટ જેટલો સમય રોકાયેલા. તેમને તથા ભોગબનનારને કોઈ વાતચીત થયેલ નહી. તેઓ જે ગાડીમા ગયેલા તે બોલેરો ગાડીનો નંબર ૬૯૫ હતો. ગાડીમા તેઓ તથા તેમની સાથેના બીજા પંચ, એક મહિલા પોલીસ, ડ્રાઈવર, અન્ય એક બે લોક, ભોગબનનાર હતા. આ અગાઉ તેઓ કોઈ પંચનામામા પંચ તરીકે રહેલ નથી. પંચનામુ લખાવવાનો તેમને અનુભવ નથી. તેઓ જે જગ્યાએ ગયેલા તેની માલિકી સંબંધે કોઈ ખરાઈ કરેલી નહી. સતરંગી પર કોઈ નિશાનીઓ કરેલી નહી. તેઓ સરકારી કર્મચારી હોય જેથી પંચનામુ વાંચી

સમજી વિચારી જુબાની આપેલ છે. સંપુર્ણ લખાણ પોલીસ સ્ટેશનમા લખેલુ. પંચસ્લીપો તથા પંચાનામામા એકી સાથે તેમણે તથા બીજા પંચે સહીઓ કરેલી.

➞ આરોપી નં.૨, ૩, ૪ તથા ૫ ના વિ.વ.શ્રી દ્વારા સાહેદની આરોપી નં. ૧ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

– ઉપરોક્ત પંચસાહેદની જુબાની જોતા તેઓની હાજરીમાં ભોગબનનારે બનાવવાળી જગ્યા પોલીસને બતાવેલ છે અને જે જગ્યાએ આરોપી નં. ૧ વાળાએ તેણીની સાથે અવારનવાર શારીરિક સંબંધ બાંધેલો તે હકીકત સંબંધિત તમામ બનાવ સ્થળોને ઓળખી બતાવે છે. આરોપીપક્ષ તરફે થયેલી ઉલટતપાસ જોતા તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ બનાવ સ્થળે ગયેલ નથી. પરંતુ પોલીસે માત્ર નામ, સરનામુ પુછીને તૈયાર પંચનામામાં સહીઓ લીધેલી છે. આમ, આ પંચસાહેદની જુબાનીને આધારે આંક – ૮૯ તથા આંક – ૯૦ વાળી પંચસ્લીપ તથા પંચનામાની હકીકતોને આ સાહેદે સોગંદ ઉપર સમર્થન કરેલ છે અને આરોપીપક્ષ તરફે થયેલી ઉલટતપાસ જોતા કોઈ વિરોધાભાસી હકીકતો જોવા મળેલ નહી.

**૨૮.)** ફરિયાદપક્ષે **સાહેદ નં. ૨૦ પંચ વનરાજભાઈ રાઘવભાઈ મેણીયાને આંક – ૯૨** થી તથા **સાહેદ નં. ૨૧ પંચ પરેશભાઈ ઓધવજીભાઈ કણઝરીયાને આંક – ૯૬** થી સોગંદ ઉપર તપાસેલાં છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આશરે એકાદ વર્ષ પહેલા પોલીસે તેમની લખેલા કાગળમાં સહી લીધેલી. સહી શી બાબતની હતી તેની તેમને ખબર નથી. આ સાહેદને આરોપી તથા ભોગબનનારના ફોટોગ્રાફ્સ બતાવતા તે તેઓ રૂબરૂ પંચનામાની વિગતે કબ્જે કરેલ હોય તેવું બનેલ નથી. સદરહુ સાહેદોને આંક – ૯૩ થી રજુ થયેલ પંચનામુ બતાવતાં, તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ આંક–૯૪ તથા ૯૫ વાળી પંચસ્લીપોમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

સદરહું પંચસાહેદો પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા, જે અન્વયે મંજુરી આપી ઉલટતપાસ કરતાં, કોઈ મહત્વની હકીકત બહાર આવેલી નથી.

→ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેમણે તૈયાર કાગળમાં સહી કરેલી જેમાં શુ લખેલ તેની તેમને ખબર ન હતી.

→ આરોપી નં. ૨ થી ૫ તરફે આ સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

– ઉપરોક્ત પંચસાહેદોની જુબાની જોતા તેઓના જણાવ્યા અનુસાર આંક – ૯૩ વાળા પંચનામામાં તથા મુદ્દામાલ ફોટોગ્રાફ્સમાંથી નિકળેલ પંચસ્લીપોમાં તેઓની સહી છે. પરંતુ આવો કોઈ મુદ્દામાલ તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલ નથી. તે સંજોગોમાં ફરિયાદપક્ષ દ્વારા આંક – ૯૩ વાળા પંચનામાની હકીકતોને તેટલે અંશે આરોપી વિરૂદ્ધ પુરવાર કરવામાં આવેલ છે.

૨૯.) વધુમાં ફરિયાદપક્ષે **સાહેદ નં. ૨૨ ભાવેશભાઈ દલસુખભાઈ ડાભીને આંક – ૯૮ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમનો મોબાઇલ નંબર ૭૨૮૪૮૪૮૪૧૭ છે. તેઓને ડાભી ગેસ્ટ હાઉસ સને–૨૦૧૮ થી છે જેના માલિક તેમના પિતા છે અને તેઓ સને–૨૦૧૮ થી આ ગેસ્ટ હાઉસનો વહીવટ કરે છે અને મેનેજર તરીકે કામ કરે છે. તેમનુ ડાભી ગેસ્ટહાઉસ પાળીયાદ રોડ પર શ્રધ્ધા હોસ્પિટલની ઉપર અને યજ્ઞેશ હોસ્પિટલની સામે આવેલ છે. તેમના ડાભી ગેસ્ટ હાઉસમાં આવતા યાત્રાળુઓ માટે તેઓના રોકાણ અંગેનુ રજીસ્ટર નિભાવવામા આવે છે અને આ રજીસ્ટર સરકારી નિયમો મુજબ નિભાવવુ જરૂરી છે. આ રજીસ્ટરમા નોંધ કર્યા સિવાય તેઓ કોઈને રૂમ ભાડે આપે નહી. કિશોરભાઈ લખમણભાઈ કણઝરીયાને તેઓ ઓળખતા નથી. તેઓ તેમના ભાઈના મિત્ર છે કે કેમ તેની તેમને ખબર નથી. આ કિશોરભાઈ તેમના ગેસ્ટહાઉસમા કોઈ છોકરીને લઈને આવેલા નહી.

સદરહુ સાહેદ ફરિયાદ અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્ધાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. વિદ્ધાન એ.પી.પી.શ્રી એ ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૨ અન્વયે વિસંગતતા પુરવાર કરવા તેઓને સુચક પ્રશ્નો પુછેલ

હોવા છતાં સાહેદે ફરિયાદ અનુરૂપ કોઈ પુરાવો રેકર્ડ પર આપેલ ન હોવાથી ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે.

➡ આરોપીઓ તરફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર તેઓ આરોપી નં. ૧ ને ઓળખતા નથી. તેમજ પોલીસે આ બનાવ સંબંધે શુ પુછપરછ કરેલી તેની તેઓને ખબર નથી. આમ, આ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તેઓ ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકતો સોગંદ ઉપર જણાવતા નથી.

૩૦.) ફરિયાદપક્ષે **સાહેદ નં. ૨૩ તપાસ કરનાર અમલદાર શૌરીન રમેશભાઈ ખરાડીને આંક – ૧૦૩ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૨/૦૩/૨૦૨૪ ના અરસામા ફરિયાદી તેમજ ભોગબનનારે તેઓ રૂબરૂ ફરિયાદ હકીકત જાહેર કરતા તેઓના લખાવ્યા મુજબની ફરિયાદ લખી લીધેલી. જે ફરિયાદ આ કામે આંક–૨૫ થી રજુ રાખેલ છે. જે ફરિયાદ મુજબનો ગુન્હો તેઓએ દાખલ કરેલો તેમજ આ કામે ભોગબનનારનુ વિષેશ નિવેદન લીધેલુ અને ભોગબનનારની મેડીકલ તપાસણી કરવા એમ.ઓ. ને યાદી કરેલી. તેમજ ભોગબનનારની ગાયનેક સંબંધી તપાસ કરવા સર.ટી. હોસ્પીટલ ભાવનગર ખાતે યાદી કરેલી. ત્યારબાદ લાગતા વગળતા સાહેદોના નિવેદનો લીધેલા. તેમજ આ કામે ભોગબનનારના બનાવ સમયે પહેરલ કપડા આંક–૬૧ વાળા પંચનામાની વિગતે કબજે લીધેલા. આરોપી મળી આવતા આરોપીની અટક કરેલી તેમજ બનાવ સમયે આરોપીએ પહેરેલ કપડા કબજે લીધેલા અને બનાવ સમયે આરોપીએ મો.સા. ઉપયોગામા લીધેલ તે કબજે લીધેલુ. તેમજ આરોપીએ ઉપયોગ કરેલ મોબાઈલ તથા પેનડ્રાઈવ જેમા આરોપીએ ભોગબનનાર સાથે શરીર સબંધ બાંધતો વિડીયો બનાવેલ હતો તેમજ તેના ભોગબનનાર સાથેના ફોટા હતા જે તેના ભાઈ રજુ કરતા હોય આંક–૭૬ વાળા પંચનામાની વિગતે

કબજે લીધેલ. ત્યારબાદ આરોપીની મેડીકલ તપાસણી કરવા એમ.ઓ. ને યાદી કરેલી. તેમજ આ કામે ભોગબનનાર તથા આરોપીના દવાખાનેથી મેડીકલ સેમ્પલો આવતા આંક–૮૪ ના પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે લીધેલા. આ કામે આરોપી તથા ભોગબનનારના મેડીકલ સર્ટીફીકેટ આવતા કામમા સામેલ રાખેલા. આ કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવાનુ હોય અને તે પંચનામામા સરકારી પંચોની જરૂરીયાત હોય જેથી સરકારી પંચો ફાળવવા નગરપાલીકા બોટાદને યાદી કરેલી. ત્યારબાદ ભોગબનનારના બતાવ્યા મુજબ આરોપીએ તેણી સાથે જે જે જગ્યાએ શરીર સબંધ બાંધેલ તે ગુનાવાળી જગ્યાઓ પૈકી મયુરભાઈનુ મકાન તેમજ જુદા જુદા ગેસ્ટ હાઉસોએ જઈ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ જે પંચનામુ આ કામે આંક–૯૦ થી રજુ છે. સદરહુ ગુનાવાળી જગ્યાઓ પૈકી મયુરભાઈના ઘરેથી સતરંગી કબજે લીધેલી. ત્યારબાદ ભોગબનનારના નિવેદન મુજબ આ કામે ભોગબનનાર સાથે શારીરિક સંબંધ બાંધવામા આરોપી કિશોરભાઈને મદદ કરનાર જયેશભાઈ કાનજીભાઈ જાદવ, મયુરભાઈ ચેતનભાઈ પરમારના નામનો એફ.આઈ.આર.માં ઉમેરો કરવા નામ.કોર્ટમા યાદી કરેલી. ત્યારબાદ ભોગબનનાર સાથે આરોપીએ શરીર સબંધ બાંધી તે અંગેનો મોબાઈલમા વીડીયો ઉતારેલ હોય જેથી બંનેના ફોટો ગ્રાફ મેળવી સરખામણી કરવા માટે ભોગબનનાર તથા આરોપીના સ્ટુડીયોમા ફોટોગ્રાફી કરાવી જે પો.સ્ટેમા આવતા આંક–૯૩ વાળા પંચનામાની વિગતે કબજે કરેલ. ત્યારબાદ ભોગબનનારનુ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન લેવા નામ.કોર્ટને યાદી કરેલી. ત્યારબાદ મુદામાલ એફ.એસ.એલ, જુનાગઢ ખાતે રવાનગી નોંધ તથા રવાનગી પત્રક સાથે મોકલેલ. તેમજ મુદામાલ મળ્યા બાબતની પહોચ આવતા કામમા સામેલ રાખેલ. ત્યારબાદ ભોગબનનારના જન્મનો દાખલો મેળવવા બોટાદ નગરપાલીકાને યાદી કરેલી. ત્યારબાદ આ કામે મહિલા આરોપી પાયલબેન મળી આવેલ હોય તેઓની ગુનાના કામે અટક કરેલ અને જેની સ્ટે.મા નોંધ કરવા યાદી કરેલી. ત્યારબાદ આરોપી બળદેવભાઈને અટક કરેલ હોય સ્ટે.ડામા નોંધ કરવા યાદી કરેલી. ત્યારબાદ

આરોપીએ ભોગબનનાર સાથે શરીર સબંધ બાંધતી વખતે મોબાઇલમા વીડીયો ઉતારેલ હોય તે મોબાઇલ, પેનડ્રાઈવ અને ફોટાની સરખામણી કરવા ડી.એફ.એસ. કચેરી ગાંધીનગર ખાતે રવાનગી નોંધથી યાદી પાઠવેલ. જે મુદામાલ મળ્યા બાબતની પહોચ આવતા કામમા સામેલ રાખેલ. ત્યારબાદ આ કામે એફ.એસ.એલ. કચેરી જુનાગઢ તથા ગાંધીનગર ખાતેથી મુદામાલ સબંધી અભિપ્રાય આવતા કામમા સામેલ રાખેલ. આ કામે આરોપી કિશોરભાઈને અટક કરેલ હોય સ્ટે.ડામા નોંધ કરવા યાદી કરેલી. સાહેદને મુદામાલ બતાવાતા તે તેઓ ઓળખી બતાવે છે. તેમજ મુદામાલ પેનડ્રાઈવ બતાવતા તે તેમણે જોયેલી અને તેમા આરોપી ભોગબનનાર સાથે શરીરસંબંધ બાંધતો વીડીયો હતો તે જ પેનડ્રાઈવ છે જે તેઓ ઓળખી બતાવે છે જે આરોપીના ભાઈએ રજુ કરેલી. તેમજ આ કામમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલુ. આરોપીને તેઓ નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

➡ બચાવપક્ષે સાહેદની આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, આંક–૨૫ ની ફરિયાદ તેમણે પોલીસ સ્ટેશન ખાતે લીધેલી. સદરહુ ફરિયાદમા શરૂ કર્યા તથા પુરી કર્યાનો સમય લખેલ નથી. ડાભી ગેસ્ટ હાઉસ બજારમા આવેલ છે અને તેની આજુબાજુ ઘણી દુકાનો આવેલી છે. તેઓ ડાભી ગેસ્ટ હાઉસમા ગયેલા અને ત્યા રજીસ્ટર જોયેલુ. તે રજીસ્ટરમાં આરોપી કે ભોગબનનારની કોઈ નોંધ ન હતી. ભોગબનનાર કે આરોપીના કપડા પર કોઈ નોંધ પાત્ર ચિન્હો કે નિશાન મળી આવેલ નહી. તેઓએ ભોગબનનારનુ મેડીકલ સર્ટી મેળવી અભ્યાસ કરેલો. ભોગબનનારના ડો.સાહેબ સમક્ષની હિસ્ટ્રી મુજબ તા.૦૩/૦૩/૨૦૨૪ ના રોજ આરોપીએ તેની સાથે શારીરિક સબંધ બાંધેલો. તે તારીખે ભોગબનનારના ૧૮ વરસ પુર્ણ થયેલા હતા. આ હિસ્ટ્રી જોતા તેની સાથે તા.૦૩/૦૩/૨૦૨૪ અગાઉ શારીરિક સબંધ બાંધેલ હોવાનુ લખાવેલ નથી. ફરિયાદપક્ષના કેસ મુજબ તા.૦૩/૦૩/૨૦૨૪ ના રોજ ભોગબનનાર પુખ્ત વયના હતા. ભોગબનનાર દસ ધોરણ સુધી ભણેલા

હતા. તેઓએ ભોગબનનારનુ એલ.સી. મેળવેલ નથી. ભોગબનનારના જન્મતારીખના દાખલામા અને તેની માતાના નિવેદનમા તેણીની માતાનુ નામ અલગ અલગ છે. મોબાઇલ અને પેનડ્રાઈવની માલિકીનો કોઈ આધાર આ કામે રજુ રાખેલ નથી. સદર મોબાઇલ કે પેનડ્રાઈવ આરોપીએ રજુ કરેલ નથી. સદરહુ બનાવની ફરિયાદ તેમણે લીધેલી, તપાસ પણ તેમણે કરેલી અને ચાર્જશીટ પણ તેમણે જ કરેલ છે. ફરિયાદ આપતી વખતે ભોગબનનારના સગા સબંધી અને આગેવાનો સાથે આવેલા. તેઓએ સહ આરોપીઓના ઘરનો કોઈ માલિકી આધાર મેળવેલ નહી. સહ આરોપીઓના ઘરની આજુબાજુના રહીશોના નિવેદનો લીધેલા નથી. આરોપી કે ભોગબનનારના સી.ડી.આર. મેળવેલા નથી.

➞ આરોપી નં.૨, ૩, ૪ તથા ૫ ના વિ.વ.શ્રી દ્વારા સાહેદની આરોપી નં. ૧ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

– ઉપરોક્ત તપાસ કરનાર અમલદારની સમગ્રપણે જુબાની જોતાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તારીખ ૦૩/૦૩/૨૦૨૪ ના રોજ બનેલો તે વખતે ભોગબનનાર ૧૮ વર્ષની વયના હતા. પરંતુ ફરિયાદપક્ષના કેસની હકીકત મુજબ આરોપી નં. ૧ વાળાએ ભોગબનનારને તા.૨૩/૦૧/૨૦૨૩ તેમજ તા.૧૬/૦૪/૨૦૨૩ ના રોજ તેણીને ધમકી આપી બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધેલો અને તેનો વિડીયો ઉતારી તેમજ ડાભી ગેસ્ટ હાઉસમાં પણ આરોપી નં. ૧ એ ભોગબનનારને અવારનવાર વિડીયો વાયરલ કરવાની ધમકી આપી બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધેલો. તેમજ ફરિયાદ તારીખના અઠવાડીયા અગાઉ પણ આરોપી નં. ૧ એ તેણીની સાથે શારીરિક સંબંધ બાંધેલો. તે સંજોગોમાં ઉપરોક્ત તમામ બનાવની હકીકતો જોતાં ભોગબનનાર સગીર વયના હતા ત્યારે આરોપી નં. ૧ એ તેણી સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધેલાની હકીકત પુરવાર થાય છે અને તા.૦૩/૦૩/૨૦૨૪ ના રોજ તેણીના ૧૮ વર્ષ પૂર્ણ થયેલા હતાં. તે સંજોગોમાં પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ આરોપી વિરૂદ્ધ ગુનો નોંધાયેલ છે. વિશેષમાં, આ કામે રજુ થયેલ મોબાઈલ તથા

પેનડ્રાઈવ આરોપીએ રજુ કરેલ નથી તેવો આરોપીપક્ષનો કેસ છે. પરંતુ આ કામે રજુ થયેલ પેનડ્રાઈવ તથા કોર્ટ રૂબરૂ રજુ કરવામાં આવેલ વિડીયો કલીપમાં આરોપી નં. ૧ એ ભોગબનનાર સાથે શારીરિક સંબંધ બાંધેલાની હકીકત પુરવાર થાય છે. જે અંગેનો વિડીયો આરોપી નં. ૧ એ બનાવેલ હોવાનુ પુરવાર થાય છે. તે સંજોગોમાં ફરિયાદપક્ષ દ્વારા તપાસ કરનાર અમલદારની જુબાનીના આધારે તેમજ બનાવ સંબંધે રજુ થયેલ પુરાવા ધ્યાનમાં લેતા આરોપી નં. ૧ વિરૂદ્ધનો કેસ શંકારહિત પુરવાર કરેલ છે, જ્યારે અન્ય આરોપીઓ વિરૂદ્ધનો કેસ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. તપાસ કરનાર અમલદારે આ બનાવની કરેલ સમગ્ર તપાસ કાયદા અનુસારની અને યોગ્ય રીતે કરવામાં આવેલી છે અને માત્ર અન્ય સ્વતંત્ર સાક્ષીના નિવેદનો લીધેલા નથી તે હકીકત માત્રથી ફરિયાદપક્ષના કેસને કોઈ નુકશાન થાય તેવુ જણાતુ નથી. જેથી ઉપરોક્ત મુદ્દા નં. ૧ નો જવાબ **હકારમાં** આપેલ છે.

**૩૧.)** આરોપીપક્ષ તરફે રજુ થયેલ ચુકાદો જોતાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઉપરોક્ત ચુકાદામાં ભોગબનનારની જુબાની વિશ્વસનીય ન હતી અને કુટુંબીજનોના પુરાવા સમર્થનકારી ન હતા તેમજ મેડિકલ રીપોર્ટ પણ ભોગબનનાર સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધેલાની હકીકત જણાવતો ન હતો. તે સંજોગોમાં આરોપીને પુરતા પુરાવાના અભાવે છોડી મુકવામાં આવેલ. પરંતુ હાલના કેસમાં ભોગબનનાર દ્વારા કોર્ટ રૂબરૂની જુબાનીમાં વિશ્વસનીય અને સાતત્યપૂર્ણ હકીકતો જણાવવામાં આવેલી છે. તેમજ આ કામે રજુ થયેલ વિડીયો કલીપ જોતા પણ ભોગબનનારની જુબાનીને પૂરતુ સમર્થન પ્રાપ્ત થયેલ છે. જેથી આ ચુકાદો આરોપીપક્ષને મદદકર્તા બની શકે તેમ નથી.

**પોક્સો એક્ટની કલમ–૨૯ નું અનુમાનઃ–**

**૩૨.)** સરકાર તરફે મુખ્ય સરકારી વકીલશ્રીની દલીલ છે કે, પોક્સો એક્ટની કલમ–૨૯ મુજબ અદાલતે અપરાધી વિરૂધ્ધ વૈધાનિક અનુમાન કરવાનું હોય છે અને આરોપીએ તે અનુમાનનું ખંડન કરવાનું હોય છે. હાલના

કામે ફરિયાદપક્ષે સદરહુ ગુનાને સાંકળતા તમામ આવશ્યક તત્વો પ્રાથમિક તબક્કે પુરવાર કરેલા છે અને આરોપી આ અનુમાનનું ખંડન કરવામાં નિષ્ફળ નીવડેલા છે.

ઉપરોક્ત રજુઆતોના અનુસંધાને જોવામાં આવે તો, કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, સૌપ્રથમ ફરિયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરવો પડે. હાલના કામે ભોગબનનારનો પુરાવો વિશ્વસનીય અને માનવાલાયક રજુ થયેલો છે. તેમજ ભોગબનનારના પુરાવામાં આરોપી તરફે તેના પુરાવાનું ખંડન કરતો કોઇ વિરોધાભાસી પુરાવો રજુ કરી શકેલા નથી. તેમજ ભોગબનનારના પુરાવાને ડૉ.સાહેદોના પુરાવાથી સમર્થન મળેલ છે.

આમ, જ્યારે ફરિયાદપક્ષ પોતાનો કેસ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી સાબિત કરવામાં સફળ થતા હોય ત્યારે સદરહુ અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપીઓ ઉપર રહેલી છે. જ્યારે હાલના કામે આરોપીઓ સદરહુ અનુમાનનું ખંડન કરવામાં નિષ્ફળ નીવડેલા હોવાનું જણાઇ આવે છે.

**<u>મુદ્દા નં. ૨</u>**

**૩૩.)** ઉપરોક્ત મુદ્દા નં. ૧ માં કરવામાં આવેલ ચર્ચાની હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી નં.૧ વિરૂદ્ધનો કેસ સાબિત કરવામાં સફળ રહેલ હોય, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**-: હુકમ :-**

**૧.)** આરોપી નં. ૧) કિશોરભાઈ લખમણભાઈ કણજરીયા, રહે. જાગતા હનુમાન પાછળ, સંસ્કાર સ્કુલ પાસે, સરદાર પાર્ક, તુરખા રોડ, તા. જી. બોટાદને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪(એ)(૧)(૧), ૩૭૬ (૨)(એન), ૫૦૬(૨), ૧૧૪ તથા ધી પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની કલમ - ૩, ૪, ૫(એલ), ૬, ૭, ૮, ૧૧(૬), ૧૨ મુજબના ગુનામાં સી.આર.પી.સી. કલમ - ૨૩૫ (૨) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**૨.)** જયારે આરોપી નં. ૨) જયેશભાઈ કાનજીભાઈ જાદવ, ૩)મયુરભાઈ ચેતનભાઈ પરમાર, ૪) પાયલબેન બળદેવભાઈ ડાભી તથા ૫) બળદેવભાઈ ઘનશ્યામભાઈ ડાભીનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(એ)(૧)(૧), ૩૭૬ (૨)(એન), ૫૦૬(૨), ૧૧૪ તથા ધી પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની કલમ – ૩, ૪, ૫(એલ), ૬, ૭, ૮, ૧૧(૬), ૧૨, ૧૭ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી સી.આર.પી.સી. કલમ– ૨૩૫(૧) મુજબ અન્વયે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.)** આરોપી નં. ૨ થી ૫ નાએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) મુજબ રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) નો એક સધ્ધર જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો દિન–સાતમાં ભરી આપવાનો રહેશે.

**૪.)** આરોપી નં. ૧ કિશોરભાઈ લખમણભાઈ કણજરીયાને સદર ગુના અન્વયે સજા બાબતે સાંભળવા ચુકાદો મુલતવી રાખવામાં આવે છે.

હુકમ આજ તા.૨૫ મી મે–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા. ૨૫/૦૫/૨૦૨૬
મુ. બોટાદ.

**(જયેશકુમાર કનુભાઇ પ્રજાપતિ)**
એડીશનલ સેશન્સ જજ તથા
સ્પે. પોક્સો જજ, તા. જી. બોટાદ.
(કોડ નં. જી.જે. ૦૦૫૯૮)

૩૪.) આ કામે સજાના પ્રશ્ને આરોપી નં. ૧ તરફે વિ.વ.શ્રી સી.ડી.દેવમુરારીને સાંભળ્યા, જેઓ આરોપીની સજાના પ્રશ્ને દલીલ કરતા જણાવે છે કે, આરોપી યુવાન વયના છે, તેઓને આ પ્રથમ ગુનો છે, પરીવારની જવાબદારી તેઓના શીરે છે, તે સંજોગોમાં દયા દાખવી તેઓને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

૩૫.) જ્યારે ફરિયાદપક્ષ તરફે વિદ્વાન પી.પી.શ્રી કે.એમ.મકવાણા દલીલ કરતા જણાવે છે કે, આરોપી દ્વારા ભોગબનનાર સગીર હોવાનું જાણવા છતા તેણીને શરીરે અડપલા કરી, તેણીના નાનાભાઇને જાનથી મારી નાખવાની ધમકી આપી, તેણીની મરજી વિરૂધ્ધ આ કામના આરોપી નં. ૨ તથા ૩ ના ઘરે લઇ શરીર સબંધ બાંધી, મોબાઇલમાં વિડીયો ઉતારી આ વાત કોઇને કહીશ નહી તેમ કહી, જાનથી મારી નાખવાની તથા વિડીયો વાયરલ કરવાની ધમકી આપી તેમજ આરોપી નં. ૪ તથા ૫ ના ઘરે તેમજ અવાર નવાર ડાભી ગેસ્ટ હાઉસમાં લઈ જઈ, જ્યાં આરોપી નં. ૧ નાએ ફરિયાદીની મરજી વિરૂદ્ધ શરીર સંબંધી બાંધી, આરોપીએ પોતાના મોબાઇલમા વિડીયો ઉતારી આ વાત કોઇને કહીશ વિડીયો વાયરલ કરવાની ફરિયાદીને ધમકી આપેલી. તે સંજોગોમાં આરોપી ઉપર દયા દાખવી શકાય તેમ ન હોય, કાયદામાં ઠરાવેલ યોગ્ય સજા તથા દંડ કરવા વિનંતી કરેલ છે.

૩૬.) ઉપરોક્ત હકીકતે બંને પક્ષને સાંભળ્યા તથા કેસનુ રેકર્ડ વંચાણે લીધુ. હાલના કેસમાં આરોપી દ્વારા ભોગબનનાર સગીર વયના હોવાનું જાણવા છતાં તેણી સાથે તેણીની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધી, મોબાઇલમાં વિડીયો ઉતારી આ વાત કોઇને કહીશ નહી તેમ કહી, જાનથી મારી નાખવાની તથા વિડીયો વાયરલ કરવાની ધમકી આપેલ છે. તે સંજોગોમાં આરોપીનુ કૃત્ય જોતા તેઓની ઉપર દયા રાખવાને કોઈ કારણ જણાતુ નથી. વિશેષમાં સમાજમાં અવાર નવાર આવા કિસ્સાઓ બનતા જણાય છે તે હકીકત પણ ધ્યાનમાં લેતા આરોપીને યોગ્ય સજા તથા દંડ કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ જણાય છે અને સમાજમાં આવા કિસ્સાઓ બનતા અટકે તે જોવાનુ પણ કાયદાની અદાલતોની ફરજ બની રહે

છે. તે સંજોગોમાં આરોપી ઉપર દયા રાખવાને કોઈ કારણ જણાતુ ન હોય, સજા બાબતે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આખરી હુકમ :-**

**૧.)** આ કામના **આરોપી નં. ૧** કિશોરભાઈ લખમણભાઈ કણજરીયાને બોટાદ પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટ્રેશન નં. ૧૧૧૯૦૦૦૨૨૪૦૩૦૮/૨૦૨૪ ના કામે ઈ.પી.કો. કલમ-૩૫૪(એ)(૧)(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી, ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ-૨૩૫(૨) મુજબ <u>૦૩ (ત્રણ) વર્ષની સખત કેદની સજા અને રૂ.૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)</u> ના દંડનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરપાઈ ન કરે તો વધુ ૦૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** વધુમાં, સદરહુ આરોપી નં. ૧ ને ઈ.પી.કો. કલમ-૩૭૬(૨)(એન) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી, ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ-૨૩૫(૨) મુજબ <u>૧૦ (દશ) વર્ષની સખત કેદની સજા અને રૂ.૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના દંડ</u>નો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરપાઈ ન કરે તો વધુ ૧૦ (દસ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.)** વધુમાં, સદરહુ આરોપી નં. ૧ ને ઈ.પી.કો. કલમ-૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી, ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ-૨૩૫(૨) મુજબ <u>૦૨ (બે) વર્ષની સખત કેદની સજા અને રૂ.૧,૦૦૦/- (અંકે રૂપીયા એક હજાર પુરા) ના દંડ</u>નો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરપાઈ ન કરે તો વધુ ૦૨ (બે) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.)** વધુમાં, આરોપીને પોક્સો એક્ટની કલમ-૩ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી, કલમ-૪ હેઠળ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ-૨૩૫(૨) અન્વયે <u>૭ વર્ષની સાદી કેદની સજા અને રૂ.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ</u>નો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરપાઈ ન કરે તો વધુ ૧ વર્ષની સાદી કેદની

સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૫.)** વધુમાં, આરોપીને પોક્સો એક્ટની કલમ–૫(એલ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી, કલમ – ૬ હેઠળ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૩૫(૨) અન્વયે ૧૦ વર્ષની સખત કેદની સજા અને રૂ.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરપાઇ ન કરે તો વધુ ૨ વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૬.)** વધુમાં, આરોપીને પોક્સો એક્ટની કલમ–૭ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી, કલમ–૮ હેઠળ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૩૫(૨) અન્વયે ૦૩ વર્ષની સાદી કેદની સજા અને રૂ. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) ના દંડનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરપાઇ ન કરે તો વધુ ૬ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૭.)** વધુમાં, આરોપીને પોક્સો એક્ટની કલમ–૧૧(૬) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી, કલમ – ૧૨ હેઠળ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૩૫(૨) અન્વયે ૧ વર્ષની સાદી કેદની સજા અને રૂ.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) ના દંડનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરપાઇ ન કરે તો વધુ બે માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૮.)** દંડની પુરેપુરી રકમ જમા થયેથી અપીલ સમય પુર્ણ થયા બાદ આ કામના ભોગબનનારને વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૯.)** સદરહુ આરોપીને અલગ અલગ ગુના હેઠળ ફરમાવેલ તમામ સજા એકીસાથે ભોગવવાની રહેશે.

**૧૦.)** ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૪૨૮ અન્વયે આરોપીએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૧૧.)** આ કામે ગુજરાત વીકટીમ કોમ્પન્સેશન સ્કીમ, ૨૦૧૯ હેઠળ ભોગબનનારને વળતર આપવું ન્યાયોચિત જણાઇ આવતું હોય

ભોગબનનારને વળતર પેટે રૂ.૫,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ લાખ પુરા) જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, બોટાદ નાઓએ ચુકવી આપવાના રહેશે.

જો ભોગબનનારને વચગાળાના તબક્કે વળતર પેટે કોઈ રકમ ચુકવેલ હોય તો તે રકમ બાદ કરી બાકીની રકમ ચુકવવાની રહેશે.

**૧૨.)** આ કામે પોલીસે કબજે કરેલ મુદ્ધામાલ મોટરસાયકલ તથા મોબાઈલ નંગ–૦૧ પરત્વે આજદિન સુધી કોઈ ઈસમે કલેઈમ કરેલ ન હોય અપીલ સમય વીત્યા બાદ યોગ્ય તે ઈન્કવાયરી કરી મુળ માલિકને પરત સોંપવા આથી હુકમ કરવામાં આવે છે.

તે સિવાયના અન્ય મુદ્ધામાલોનો અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૧૩.)** સદરહુ હુકમ આરોપીને સજા કરતો હોય ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૩૬૩ અન્વયે સદર ચુકાદાની નકલ આરોપીને વીનામુલ્યે તાત્કાલીક પુરી પાડવી.

**૧૪.)** સદરહુ હુકમ આરોપીને સજા કરતો હોય ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૩૬૫ અન્વયે સદર ચુકાદાની નકલ માનનીય જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી બોટાદ નાઓને મોકલવી.

**૧૫.)** સદરહુ ચુકાદાની એક નકલ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, બોટાદ નાઓને અમલવારી સારૂ મોકલવી.

**૧૬.)** આ કામે આંકે પાડેલ ન હોય તેવા તમામ દસ્તાવેજોને પ્રોસીક્યુશનને ક્રિમીનલ મેન્યુઅલના પારા–૩૪૯ મુજબ તુરત જ પરત કરવા.

હુકમ આજ તા.૨૫ મે, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા. ૨૫/૦૫/૨૦૨૬
મુ. બોટાદ.

**(જયેશકુમાર કનુભાઈ પ્રજાપતિ)**
એડીશનલ સેશન્સ જજ તથા
સ્પે. પોક્સો જજ, તા. જી. બોટાદ.
(કોડ નં. જી.જે. ૦૦૫૯૮)

જે.કે.કછોટ